સ્ત્રી ભૂષણ

ભાગ ૧ લો.

અને

જ્ઞાતિ સુધારો.

લેખક

વૈદ્યશાસ્ત્રી ભાનુશંકર નિર્ભયરામ ત્રિવાડી વરતેજવાળા

સંપાદક.

મણિલાલ નાનચંદ શાહ.

પ્રકાશક,

રમણિક એમ. શાહ.

ઠે. ત્રીજે ભોઇ વાડો, જગા લધાનો માળો-મુંબઇ.

મુદ્રક

પ્રભાશંકર જયશંકર પાઠક.

પુરંદરે પાઠક પ્રીંટીંગ પ્રેસ, ૩ ઠાકોરદ્વાર મુંબઇ ૪.

પ્રત ૧૦૦૦] [સંવત ૧૯૭૮

કીંમત રૂ. ૦-૩-૦.

શ્રીકૃષ્ણઃ શરણમ.

બે બોલ !

મારા મિત્ર શ્રીયુત મણિલાલ નાનચંદ શાહનો મેળાપ મને મારા મિત્ર માનભાઇ મોદી ભાવનગરવાળા દ્વારા થતાં અમો એક બીજા સાથે સ્નેહ બન્ધનથી આકર્ષાયા, તેમનું અનેક ગ્રન્થોનું અવલોકન તથા ધારણાશક્તિ તે બેઉ જોડે મારો પરિચય વધતો ગયો તેમ, જેમ અમો સ્નેહ બંધનથી ગુંથાયા તે સ્મૃતિ કાયમ રહેવા માટે તેઓએ આ "સ્ત્રી ભૂષણ" નામના ગ્રન્થને પહેલીથીજ ગુંથી રાખેલો મારા જોવામાં આવ્યો. મને તેમા સ્નેહાર્દ્રતા સરલ હૃદય અને નીતિની દિશાનું ભાન થતાં તેઓની સૂચના પ્રમાણે ઉપરોક્ત ગ્રન્થનો સંસ્કાર કર્યો જે આજે જનસમાજ તથા પવિત્ર માતા બ્હેનોના ચરણોમાં અર્પીને હું કૃતાર્થ થાઉં છું.

વૈદ્ય—શાસ્ત્રી ભાનુશંકર નિર્ભયરામ

ત્રિવાડીના જયશ્રી કૃષ્ણ.

શ્રીકૃષ્ણઃ શરણં મમ.

સ્ત્રી ભૂષણ.

આશ્વિન શુકલ પક્ષની પૂર્ણિમાની રાત્રિએ પવિત્ર નર્મદા તટ ઉપર આવેલા શુકલ તીર્થ જેવા પુણ્ય ક્ષેત્રમાં સુશર્મા નામના વૈદિક બ્રાહ્મણની યશોદા નામની પુત્રી પોતાની માતા વિમલા સાથે હૃદયની પ્રસન્નતાથી વાર્તા—વિનોદમાં ગુંથાવા લાગી. યશોદાનું વય ૧૨ વર્ષનું હતું, આવતા માગશીર્ષ માસમાં તેણીનું લગ્ન થવા સંભવ હતો. આ કોજાગરીના પુણ્યમય વ્રત સમયે શારદ ચન્દ્ર ઉદયાચલના ઉન્નત શિખર ઉપર આવીને એકાએક પોતાના શીતલ કરોથી નેત્રોદ્વારા જનસમૂહને અમૃતમય બનાવવાનો પ્રયાસ કરતો હતો. મેદાનમાં ઠાકુરજીને લાવી અત્યંત ઉછળતી પ્રેમોર્મિઓથી છલકાઇને મુગ્ધ બાલિકાઓ શ્રી શ્રીકૃષ્ણના ચરણારવિન્દમાં ગોપાંગનાઓની પ્રેમકોટિનું દર્શન કરવાં ઝંખના કર્યા કરતી હતી. દુધ અને પવાની અમૃતમય પ્રસાદી વહેંચાઇ રહ્યા બાદ પોતાની સખીઓ સાથે કાંઇ નવનવા હૃદયવિકાસોમાં પ્રેરાતી યશોદા ગમ્ભીર મુદ્રાથી ધ્યાન ધરતી પોતાની વિમલા માતા સાથે પ્રશ્નો કરવાના કુતૂહલમાં પ્રેરાઇ પોતાની માતાને પૂછવા લાગી માતા! માતા! જરા કૃપા કરીને અમારા પ્રશ્નોનો ઉકેલ કરશો તો આ પવિત્ર રાત્રિએ અમો સર્વે સખીઓ આપના અમૃતમય પવિત્ર ઉપદેશથી પાવન થઇશું.

કેમ બેટા યશોદા ! આ આનન્દમય રાત્રિમાં પ્રેમસ્વરૂપ પ્રભુનીજ શોધ કરો તમારા પ્રશ્નોનું સમાધાન બીજે કોઇ દિવસે કરીશ આજ તો પ્રભુ—ભજનમાં અને પ્રભુપ્રેમમાં મસ્ત બનો. કેમ સહચરીઓ આ વાત તમને રૂચે છે કે કેમ ?

વિમલા માતાના નિરાશાજનક વચનો સાંભળી યશોદા તથા તેની સાહેલીઓ બોલી ઉઠી. નહી માતા ! આજ તો તમારે અમારા પ્રશ્નોનું નિરાકરણ કરવુંજ જોઈશે, અમારા પ્રશ્નો પણ પ્રેમની શોધ વિષે અથવા કહો કે પ્રભુમય પતિ વિષેજ છે. આપ એક દિવસ અમોને સદુપદેશ આપતાં આપતાં કહેતાં હતાં કે— પતિને વિષે અનન્ય પ્રેમ પ્રભુના દરબારમાં લઇ જાય છે. આપ જાણો છો કે અમારો સર્વેના લગ્ન સમય નજદીક આવ્યો છે તો અમે લગ્ન શું છે. લગ્ન કઇ ચીજ છે તે તો આપના શ્રી મુખથી સાંભળી અમારા ભાવી ગ્રહસ્થાશ્રમને આનન્દમય બનાવવામાં મચ્યા રહીએ. ઠીક કહ્યું આજ એ વિષય ઘણોજ રસદાયી થઈ પડશે તમારો એજ આશય છે ને ? કે લગ્ન એટલે શું. ! વિમલા માતા બોલ્યાં—

યશોદા તથા સર્વે સખીઓ બોલી ઉઠી હાજી—હાજી અમારો એજ આશય છે. અમારે એજ સમજવું છે વિમલા માતા મૃદુસ્વરથી પોતાની પુત્રો તથા પુત્રી માફક તેણીની સહચરીઓને સમજાવા લાગ્યાં કે લગ્ન કરવાં એટલે શું. ?

લગ્ન કરવાં એટલે શરીરનો સંબંધ કરવો યા જોડાવું તે નહી, પરંતુ લગ્નથી આત્માનું ઐકય સાધી જગન્નિયંતા પરમ કૃપાળુ પરમેશ્વરના અનુગ્રહ પાત્ર થઇ બન્નેના પરસ્પર બલથી જ એક રૂપ થવું. લગ્ન કરવાં એટલે સદાચાર નીતી અને એક બીજાને સત્યના કામમાં મદદ કરી પરલોકના ભાગીદાર થવું તે—

પ્હેનો પ્રેમ એ કઈ અને કેવી વસ્તુ છે તેનું વિસ્તારપૂર્વક વ્યાખ્યાન તમારી સમક્ષ આપવાને હું શક્તિમાન્ નથી, તથાપિ એટલુંજ કહી શકું છું કે, પ્રેમનું સ્વરૂપ અનુભવથીજ જાણી શકાય છે. જુઓ તેને માટે એવું કહેવાય છે કે—

(કાચબા કાચબી ભજનનો ઢાળ—એ રાગ.)

જેને વીતી હોય તે જાણે, અજાણ્યો કાંઇ ન જાણે. ટેક.
કાંટો બરાબર બોરડી કેરો, હાથમાં વાગ્યો હોય
વાગ્યા વીનાની વેદના તેની, જાણી શકે શું કોય
અનુભવ ન હોય જેને, શાથી સમજાવીએ તેને. જેને.

અગ્નિએ અંગ બળ્યું હોય તેની, બળતર બહુ જે થાય
ઉનું પાણી નહી ઓળખે એથી, કેમ કરી સમજાય
હૈયાની વેદના એવી, નથી સમજાય તેવી. જેને.

વેદના થાય સુવાવડ માં—તે, જાણે શું વાંઝણી બાઇ
પાસે રહી હોય તોય સુયાણી, જાણી શકે નહી કાંઈ
કેવું છે દુઃખ સરાણે, હીરો તે પ્રમાણે. જેને.

વેદના લેશ ન જાણે સુ'ગીની, પાસે ઉભેલા લોક
હાથ ધર્યામાં વેદના કેવી, કેમ જાણે તે કોક
વખાની વાત છે એવી, નથી સમજાય તેવી. જેને.

કેમ કમાવાય કેમ સમાવાય, ચિત્ત તણા પરીતાપ
કેમ ભજાવાય વેષ વીશેષ, કેમ છપાવાય છાપ
હઠીલા જાય છે હારી, જુઓ તે વાત વીચારી. જેને.

ડંખ્યા વીના ન જણાય કદાપી, વીંછીના વેદના જેમ
મરણ પથારી ઉપર, પીડા જીવતો જાણે કેમ
ખરેખર એક છે ખામી, નથી કોઇ અંતર્યામી. જેને.

ચાકરી કેવી આ કરી છે, તે જાણી શકે શું શેઠ
દુઃખ દબાણુ સદા સમેજે છે, હોય દબાણો હેઠ
ભુખ્યાનું દુઃખ શું જાણે, જમ્યો હોય ભાવતું ભાણે. જેને.

કાનમાં વેણુ કઠોર પડવાથી, ઉપજે તાપ અમાપ
બાણુ ખુચ્યું હોય હૈયામાં, કેવા કરે છે કાપ
થયો હોય મહાવરો જેને, પુછો જઇ પ્રેમથી તેને. જેને.

શંખણી સાંપડી હોય જેને નારી, કેવો કરાવે કલેશ
કર્મ તણા કોઇ કારમે યોગે, વંઠી વગોવે દેશ
દીએ દાગ દેહમાં દારા, એથી વનવાસીઓ સારા. જેને.

મુર્ખ પ્રજાથી માત પિતાનું, અંતર જે અકળાય
લાજ પ્રતિષ્ટા જાય લુટાતાં, ધુળધાણી ધન થાય
દીવાના દીકરા જેના, ભવે ભાઇ ભોગ છે તેના. જેને.

મુર્ખ પ્રજા જો હોય પનારે, પુર્વનાં પુરાં પાપ
સારી પ્રજા સાંપડી હોય જેને, તેઓ તેનો જાણે શું? તાપ
બળે છે બહુ બીચારા, એવાથી વાંઝીયા સારા. જેને.

નાથતજી પરલોક જવાથી, બાલપણે રંડાય
હડાહડ થાય બધે બીચારી, કેમ કરી ભવ જાય
સુવાસણુ હોય જે નારી, શકે કેમ તે વીચારી. જેને.

આંખ ફરે કોઇ રાયની ત્યારે, રાંક બીચારા લોક
હાની હજાર ગણી થકી હારી, કેવો કરે છે શોક
આવે જેલ હેઠળ જ્યારે, સાચું સમજાય ત્યારે. જેને.

બાલક રોતાં હોય છે તેનાં, અવળાં ઓષડ થાય
ભુખમાં ડામ દીએ છે, તેને પીડ થતાં દુધ પાય
એને દુઃખ થાય એ ટાણે, કહો કોણુ જઇ મટાડે. જેને.

વહાણુ ભાગે ભરસાગરે ત્યારે, ઉપજે જે ગભરાટ
બાલ બચ્ચાના થાય વીલાપો, હાયરે હૈયા ફાટ
એને જે અંતરે થાસે, બીજાથી કેમ કળાસે. જેને.

વિમલા માતાનું આવું સદુપદેશ ભર્યું મીઠું ગાણું સાંભળી પ્રેમના અનુભવ વિષે નિર્દોષ બાલિકાઓના હૃદયમાં કાંઇક ખ્યાલ આવ્યો. પ્રેમ એ યદ્યપિ અનુભવ ગમ્ય છે તો પણુ પ્રેમ પદની પ્રાપ્તિ માટે યોગ્યતાનું સંપાદન કેમ થાય એ બધું વિમલા માતાના ગાવાથી સ્પષ્ઠ સમજાતું હતું. બાલિકાઓને માતાના ઉપદેશમાં વધારે ને વધારે રસ મળવા લાગ્યો, કોજાગરી વ્રતને આવા હિતકર સંવાદો દ્વારા ઉજવવાને માટે હઠીલી તે બાલિકાઓએ દૃઢ સંકલ્પ કર્યો અને વિમલા માતા પાસેથી એક પછી એક અનુક્રમે નીતિભર્યાં શાસ્રાનુ ફૂલ વચનોને પ્રશ્નોદ્વારા સમજવા લાગી. યશોદાએ પ્રશ્ન કર્યો હે માતા ! ત્યારે ‘ સુખી કેમ થવાય ’ એ વિષે અમોને કાંઇ સમજાવશો?

વિમલા માતા કહેવા લાગ્યાં કે—

૧ જે નામાં સત્ય નથી ત્યાં આત્મબળ નથી, જ્યાં સત્ય નથી ત્યાં નીતિ નથી, જ્યાં નીતિ નથી ત્યાં સદાચાર નથી, જ્યાં સદાચાર નથી ત્યાં ધર્મ નથી, જ્યાં ધર્મ નથી ત્યાં બરકત નથી, જ્યાં બરકત (લાભ) નથી ત્યાં સુખી થવાની આશા કયાંથી રાખી શકાય, માટે ધર્માચરણુ એજ સુખી થવામાં મુખ્ય સાધન છે.

પૂજ્ય માતા ! આપે સમજાવ્યું કે ‘ ધર્માચરણુથીજ સુખી થવાય ’ એ તો ઠીક, પણુ કઇ કઇ વસ્તુઓ આત્મા કરતાં પણુ વધારે રક્ષણુ કરવા યોગ્ય છે અને જીવ જાય તો પણુ તેઓનું રક્ષણુ તો થવુંજ જોઇએ! યશોદાએ વિનીત ભાવથી પ્રશ્ન કર્યો.

વિમલા માતા ગંભીર ધ્વનિથી ઉત્તર આપવા લાગ્યાં કે.—

૨ વચન, ધર્મ, દયા, પ્રેમ અને કર્તવ્ય એ પાંચને વળગી રહેવું એટલે કે તેઓનું યથાર્થ પાલન કરતાં જીવ જાય તો પણ જવા દેવો કારણ કે આત્મા અમર છે માટે તે પાંચેને પુરા અનુરાગથી પાળવા જોઇએ.

ત્યારે શું વચન વગેરેનો એવોજ મહિમા છે? યશોદાએ આશ્ચર્ય સાથે પુછયું.—

માતાએ કહ્યું હા એમાં શું નવાઇ જુઓ.—

૩ વચન આપતી વખતે એક બાજુ તેને પાળવા માટે પોતાના પ્રાણોની પણ કિંમત ન ગણવી જોઇએ અને બીજી બાજુએ વચનને પાળવા માટે પુરે પુરૂં સામર્થ્ય હોવું જોઇએ.

ઠીક માતાજી ! પણ ધારોકે એવો પ્રસંગ આવ્યો કે જ્યાં સર્વસ્વનો નાશ થવાનો છે ત્યાં શું કરવું ?

કેમ યશોદા! તથા પ્રિય સખીઓ ! તમો સર્વે ભુલી ગયાં કે એક વખતે વાર્તા લાપમાં યશોદાના પિતાજી કહેતા હતા કે.—

सर्वनाशे समुत्पन्ने अर्धं त्यजति पण्डितः ॥

એટલે કે.—

૪ બધું એ નાશ થવાનો પ્રસંગ આવે ત્યારે અર્ધાથી કામ પતી જતું હોય તો અર્ધું કરવું અને અર્ધું છોડી દેવું પણ બધું જતું હોય તેને અટકાવવા ખાસ પ્રયત્ન કરવો જોઇએ. (છતાં યે સત્યનું પાલન ખાસ કરવું.)

ત્યારે હે માતાજી ! ભણેલા વિદ્વાનો ને પણ કોઇ કોઇ વેળાં સહન તો કરવુંજ પડતું હશે ? સખીઓ બોલી.

હા-કેમ નહી જુઓ—વિમલા માતા કહેવા લાગ્યાં કે—

૫ મૂર્ખ માણુસને ઉપદેશ આપવાથી, દુષ્ટ સ્ત્રીમાં આસક્તિ રાખવાથી અને શત્રુઓની સાથે ગાઢ સંબંધ રાખવાથી વિદ્વાનોને પણ બહુજ ખમવું પડે છે.

વિમલા માતાનું પ્રેમાર્દ્ર હૃદય શુદ્ધ તેજથી વિલસતું હતું બાલિકાઓને વળી તે પ્રેમ—વિષે સાંભળવાની ઉર્મિઓ ઉભરાતાં તુરતજ પુછવા લાગી.

ત્યારે શું પ્રેમનો એવોજ પ્રતાપ છે કે તે મનુષ્યોને ભાન પણ ભુલાવે છે?

પ્રેમનો રંગ અજબ છે, જેને તેનો રંગ ચડયો હોય છે તેનાથી દુનીયાનું પણ ભાન ભુલી જવાય છે પ્રેમ એ સાક્ષાત્ પ્રભુનું સ્વરૂપ છે. જુઓ.—

(દોહરા.)

અજબ નીસો છે પ્રેમનો અગન અગન કરે તંન.
લગન લગન લાગી રહે મગન બનાવે મંન. ૧

આપત કાળે મિત્રની વૈભવ ભાગેનાર,
થાય પરીક્ષા તેમની જગતમાં નારધાર. ૨

થવાનું જે જગતમાં કદી ન મીથ્યા થાય,
કર્તાના દરબારમાં સમાન રંકને રાય. ૩

કર્મ કેરા લેખને મીથ્યા કરે ન કોઇ,
ભીમસેન સમાપણ ભારતમાં રાંધી ગયા રસોઇ. ૪

મનમાંની મંનમાં રહે પળમાં વંઠે વાત,
રાજ્ય તજીને રામજી વન વીચર્યા પ્રભાત. ૫

ઉંડે બાંધયું કપુર પડીમાં જાય છે તે જવાનું,
આવે ગુપ્ત સલીલ શ્રીફળે થાય છે તે થવાનું. ૬

ગુણુ ઉપર સોગુણુ કરે એ દુઃનીયાની રીત,
અવગુણુ પર જે ગુણુ કરે તે સજ્જનની રીત. ૭

કર્મ ફરે સૌફરે દુશ્મન થાયે મીત્ર,
ભીતીમાં સુખ ઉપજે પાપી થાય પાવન ૮

કરવી પ્રીતી સહેલ છે નીભાવવી મુસકેલ,
પીતાં કેફ પડે મઝા જીરવતાં મુશ્કેલ. ૯

વીકટ વીશ્વ સંસારમાં ફરતાં જીવ અનેક,
દુઃખ પામે તે કર્મથી થાયે અંતે એક. ૧૦

સુખ દુઃખ આ સંસારમાં સૌ ને છે નીર્માણુ,
હરીચંદ્રનો દાખલો થયો જગતમાં જાણુ. ૧૧

જનુની જણુતો ભકત જણુ કાં દાતા કાં સુર,
નહી તો રહે જે વાંઝણી મત ગુમાવીશ નુર. ૧૨

જીનાહે ઉસીકા ભલા જો દુનીયાકે લીયે જીવે,
મરના હે ઊસીકા ભલા જો અપના લીયે જીવે. ૧૩

બળી લાકડાં થાય કોયલા કોયલા બળી થાય ખાખ,
પ્રેમ આગ્નિથી જે બળે તે નહી કોયલા નહી રાખ. ૧૪

ભાલાની ભલી વેદના કે જીવ જતાં છુટાય,
વિયોગ ભાલે હોય વીંધાતાં નજીવાય કે ન મરાય. ૧૫

જગકર્તાના નીયમપર ધરે મુર્ખ જે પાસ,
ઘોર નરકમાં તે પડે મહા અધર્મી ગણાય. ૧૬

તેજ સુભાગી જાણુ જો જે સતીનો ભરથાર,
બાકીના બીજા બધા દુઃખ દરીએ સુનારઃ ૧૭

ક્ષમા ધરી પણુ ક્ષમાવૃત્તિથી નહી,
ઘરબારનાં સુખ તજયાં પણુ સંતોષથી નહી ૧૮

દુઃખદાયક ટાઢ તડકા વેઠ્યા પણ તપસ્યાના હેતુથી નહી,
ધ્યાન પણ રાત દહાડો ધર્યું પણ તે ધનનું, હરી ચરણનું નહી.
પહેલું સુખતે જાતે નર્યા બીજું સુખતે ઘરે સદગુણી નાર,
ત્રીજું સુખતે કોઠીએ જાર, ચોથું સુખતે ઘેર સપુત બાળ.૧૯

પૂજ્ય માતા! આજ તો અમો હવે પુરો લાવો લઇ શું અમારા સદ્‌ભાગ્યેજ આવા પ્રસંગનો લાભ અમોને આજે પ્રાપ્ત થયો છે. માટે સારાં સારાં સદુપદેશ ભર્યાં વાક્યો અમોને સંભળાવો કે જેથી અમો સર્વે કૃતાર્થ થઇએ. બાલિકાઓ બોલી ઉઠી.

વિમલા માતા એક પછી એક વાક્ય મધુર સ્વરથી કહેવા લાગ્યાં અને વાર્તાલાપમાં સંયોગાનુકુળ રસની વૃદ્ધિ થવા લાગી.

આ પ્રમાણે સાંસારિક સંબંધ અને સુખો ને વર્ણવ્યા પછી વિમલા પુનઃ ધ્યાનગ્રસ્ત થયાં અને ઘડીભર શાન્ત રહ્યા પછી પોતાના અનુભવેલા વિષયોને ઉમંગથી ચર્ચવા લાગ્યાં. ધર્મનું વ્યાખ્યાન આપવાના ઇરાદાથી ધર્મના મુખ્ય ત્રણ અંગો, અહિંસા, સંયમ અને તપ ને સમજાવીને અહિંસા કેવી હોઈ શકે, અને તે કેમ પાળી શકાય તે વિષેનું સચોટ વ્યાખ્યાન કરવા લાગ્યાં. હિંસાના અનેક ભેદો સમજાવા લાગ્યાં કે.—

૧ અહીંસા, સંયમ, તપ, એ ત્રણ જ્યાં છે ત્યાં ધર્મ છે.મનથી વચનથી કે શરીરથી કોઇ જીવને દુઃખ ન કરવું તે અહિંસા, લાલસાઓને કબજે રાખવી તે સંયમ, કર્મને બાળવાનો ઉદ્યમ તે તપ.

માયા (કપટ)થી બોલવું તે હીંસા છે, કોઇને દગો દેવો તે હીંસા છે, ચાડી ચુગલી ખાવી તે હીંસા છે, કોઇનું બુરૂ ઇચ્છવું તે હીંસા છે, દુઃખ દેખી મનમાં ઝુર્યા કરવું તે હીંસા છે, સુખ દેખી ગાંડા ઘેલા થવું તે હીંસા છે, જુઠું બોલવું તે હીંસા છે,

સાચી વાત ખોટા ઇરાદાથી છુપાવવી તે હીંસા છે, કુથલી કરવી તે હીંસા છે, ગાળો અને ફટાણાં હીંસા છે, ગામગપાટા અને નકામી વાતો કરવી તે હીંસા છે, છતી શકિતએ અન્યાય અટકાવવા મુદલ મહેનત ન કરવી તે હીંસા છે, અન્યાય થતો જોઇ રાજી થવું તે હીંસા છે, દુનીયાની જંજાળમાં રચ્યા પચ્યા રહેવું એ આત્મ હીંસા છે, જીવ વગેરે ઇન્દ્રીયોને આધીન થવું એ આત્મ હીંસા છે, પરમાર્થને ભુલવો એ આત્મ હીંસા છે, હીંસા સઘળા દુઃખોની જનેતા છે.

વળી પણ જડ અને આત્મામાં રહેલો તફાવત સમજાવી જ્ઞાનીનું લક્ષણ કહેવા લાગ્યાં કે.——

૨ દુનીયાના સઘળા પદાર્થો નાશવંત છે. આત્મા કદી નાશ પામતો નથી, જડથી અનંત ગણી શકિત આત્મામાં છે, જડ અને આત્માનો તફાવત સમજે તે જ્ઞાની, જડનો નચાવ્યો નાચે નહી તે જ્ઞાની, શરીર અને મન ઉપર કબજો રાખે તે જ્ઞાની, જે રાજાનું લશ્કર કબજે ન રહે તે રાજા મરે, જે માણસોની ઇચ્છાઓ કબજે ન રહે તે મરે.

૩ લાલસાઓને બાળવાનો અગ્નિ તેનું નામ તપ, પૂર્વ કર્મને બાળનારો અગ્નિ તે તપ, ઉપવાસ એકટાણું વગેરે તપ છે, અભ્યાસ કરવો જ્ઞાન મેળવવું એ ઉંચો તપ છે, ધ્યાન ધરવું એ સૌથી ઊંચો તપ છે, ઉપવાસ શક્તિ મુજબ કરવો. ધાવણા બાળકની માતાએ ઉપવાસ કરવા નહી અજીર્ણના દરદીએ, ઉપવાસ જરૂર કરવો, ઉપવાસથી શરીરનો કચરો બળી જાય છે, ઉપવાસ ન બને તેણે એક ટાણું કરવું, ઉપવાસમાં ક્રોધ ન કરવો, ઉપવાસમાં બ્રહ્મચર્ય અને શીયળવ્રત અવશ્ય પાળવું.

ઉપવાસમાં આત્માનો વીચાર કરવો, ઉપવાસ દેખાદેખાથી કરવામાં ડહાપણ નથી, ગર્ભવંતીએ ઉપવાસ કરવો નહી,

ઉપવાસમાં ગામ બહારની ખુલ્લી હવા જરૂર લેવી, મનની શાન્તીને હરકત થાય એટલા ઉપવાસ કરવા નહી, ઉપવાસ વગેરે કોઇ ધર્મ ક્રિયાનો ગર્વ કરવો નહી, ઉપવાસ કરતાં વધારે ફળ આપનારો તપ અભ્યાસ છે, ધર્મ જ્ઞાન નો અભ્યાસ કર્મોને બાળે છે, અભ્યાસનું મુળ વિનય છે, અભ્યાસ ને આળસ સાથે બનતું નથી, અભ્યાસ કરીને વીચાર શક્તિ ખીલવવી.

દરેક બાબતપર પોતાની બુદ્ધિ વાપરતાં શીખવું. અભ્યાસ કરતાં શંકાઓ કરવી અને ખુલાસા મેળવવા શંકા પુછતાં ડરે તે મુર્ખ કોઇ પણ સારા કામમાં ડરે તે મુર્ખ વાંચીને વીચારવું અને પોતાની બુદ્ધિ ફેરવવી.

તપશ્ચર્યાની અનુપમ વ્યાખ્યા આપી, વ્રતો વગેરે કરવાથી પૂર્વજન્મનાં દુષ્કૃત્યો બળી જાય છે એટલુંજ નહી પરંતુ વાસનાઓનો ક્ષય થતાં મોક્ષદ્વારની પણ પ્રાપ્તિ થાય છે જુઓ તપ એટલે.

૪ થોડું બોલવાની ટેવ પાડવી એ એક જાતનું તપ કહેવાય, વિચારીને બોલવાની ટેવ પાડવી એ પણ તપ છે, જ્ઞાન વધારવું એ મોટું તપ છે, ધ્યાન ધરવું અને વાસનાઓનો ક્ષય કરવો એ સૌથી મોટું તપ છે.

વૃક્ષો પરોપકારના હેતુથીજ ફળ આપે છે નદી પરોપકારને માટે જ વહે છે, ગાયો પરોપકાર કરવાને માટે જ અમૃત સમાન દુધ આપે છે, ઈશ્વરે આપણા માટે જે જે સાધનો બનાવ્યાં છે તે સર્વે પરોપકાર ને માટે જ છે, એવી રીતે પરોપકારનો અર્થ સમજાવતાં પરોપકારનું રહસ્ય પણ સમજાવા લાગ્યાં કે.—

૫ મનથી કોઇનું ભલું ઇચ્છવું એ પરોપકાર છે, વાણીથી કોઈને સુખ ઉપજાવવું એ પરોપકાર છે, પૈસાથી કોઈનું દુઃખ કાપવું એ પરોપકાર છે, જાનને જોખમે કોઇને મદદ આપવી એ

મોટો પરોપકાર છે. ભૂખ્યા તરસ્યા ને સંતોષવા એ પરોપકાર છે. અજ્ઞાની ને જ્ઞાન આપવું એ જીવતદાન આપવા જેવડો પરોપકાર છે. જ્ઞાનનાં સાધનો ઉભાં કરવાં એ પરોપકાર છે અને લોકહિતના ખાતાને મદદ કરવી એ મોટો પરોપકાર છે.

૬ તેમજ હે પ્રિય શિષ્યાઓ ! પૈસા વિના પણ પરોપકાર કરી શકાય છે. પૈસાનો અને શરીરનો મોહ પરોપકાર થવા દે તો નથી માટે તે મોહને પહેલેથીજ છોડવો જોઇએ. પરોપકાર વિનાનું જીવતર નકામું છે. પરોપકાર વિનાનો દિવસ ફોકટ સમજવો. પરોપકાર નહી ત્યાં ધર્મ નહી. પરોપકારનું મૂળ કોમળ કાળજું અથવા દયા. પરોપકાર કરવા માટે પૈસાદાર થવાની વાટજુએ તે મૂર્ખ ગણાય. પરોપકાર અથવા સત્કર્મ કાલે કરવાનાં હોય તો આજે જ કરી લેવાં કારણ કે એવું એક વાકય છે કે—" કાલનું આજે કરો. સાંજનું સવારે કરો, કેમ કે મનુષ્યોને જે મૃત્યુની અનિશ્ચિત કાળે ભેટ થાય છે તે મૃત્યુ આ મનુષ્યે કર્તવ્ય કરી લીધું છે કે હજુ તેને કરવાનું છે. તેની રાહ જોતોજ નથી જેમ કે—

श्वः कार्यमद्य कुर्वीत पूर्वाह्णे चापराह्णिकम् ।
न हि प्रतीक्षते मृत्युः कृतमस्य न वा कृतम् ॥

વળી જુઓ—આ માનવ જીવન અલૌકિક ચીજ છે, પૂર્વ જન્મના અનેક સુકૃત્યોના પરિણામે જ આ માનવ દેહ પ્રાપ્ત થાય છે. માનવ-દેહ-રૂપી નૌકા એ અસાર સંસાર-સાગરમાંથી તરવાને માટે ઉત્તમ સાધન છે. એક જગ્યાએ કહ્યું છે કે—

महता पुण्यपण्येन क्रीतेयं कायनौस्त्वया ।
पारं दुःखोदधेर्गन्तुं तर यावन्न भिद्यते ॥

પુણ્યરૂપી મોટા મૂલ્યથી ખરીદેલી આ શરીરરૂપી નૌકા જ્યાં સુધી ત્રુટી નથી ત્યાં સુધી આ દુઃખમય સંસાર સાગરને પાર પહોંચવા માટે હે જીવ! તું તર્યા કર. માટે હે બ્હેનો !

જીવનનું રહસ્ય બહુજ અભેદ્ય અને અગમ્ય હોય છે તથાપિ આટલું તો સમજવુંજ જોઇએ કે.

૭ આ જીંદગી, પહેલાની હજારો જીંદગીનું દેવું વાળવા માટે જ મળેલી છે. આ જીંદગી સિદ્ધાન્તમાં સ્વપ્નવત્ હોવા છતાં પણ સાધ્યને સાધી લેવા માટે સાચીજ સમજ જો. આ જીંદગી ઘણા જન્મોના પુણ્યથી જ મળે છે. આ જીંદગી ને એળે ગુમાવવી એ પશુઓના વર્તન જેવું જ ગણાય. પૈસા માટે જીંદગી હોવીજ ન જોઇએ. કારણ લક્ષ્મી કોઇની થઇ નથી અને થવાની પણ નહી. એક કવિએ લક્ષ્મીનું કેવું વર્ણન કર્યું છે જુઓ.—

अचिरांशुविलासचञ्चला ननु लक्ष्मीः फलमानुषङ्गिकम् ॥

વિજળીના વિલાસ (ચમકારા) ની માફક એક ક્ષણભર રહેનારી લક્ષ્મી એ તો કાર્યસિદ્ધિ કરવા જતાં રસ્તામાંથી હાથ લાગેલી વસ્તુની જેવીજ છે. માટે તેણીનો મોહ અવશ્ય છોડજો લક્ષ્મીના મોહમાં જેઓ ફસાયા છે તેઓ કાંઈ પણ કરી શકયા નથી, ઉલટા અધોગતિનેજ પામ્યા છે માટે જીંદગી માટે કદાચિત્ લક્ષ્મીનો વ્યય સંભવી શકે પણ લક્ષ્મી એ પ્રાપ્ત થયેલા અવસરનો અપવ્યય કરાવે. અવળે રસ્તે દોરી જાય તે લક્ષ્મી કશા કામની નથી. બ્હેનો પૈસાનો મોહ જેમ વધારે થશે તેમ નરક—નિવાસ સમીપમાંજ છે એમ સમજજો. જીંદગીની ખરી કિંમત આંકવી અને પોતાના દેહનું સાર્થક કરવું એજ જીવનનું ખરૂં રહસ્ય છે.

મુક્તિ મેળવવા માટે જે ચાર સાધનો શાસ્ત્રોમાં બતાવ્યાં છે. તેમાં વિવેક એ મુખ્ય છે. આ પદાર્થ સત્ય છે આ કાર્ય કરવા જેવું છે કે નહી. આ પ્રકારની બુદ્ધિ તેનું નામ વિવેક કહેવાય વિવેક દશમો નિધિ છે જુઓ જ્યાં વિવેક હોય. ત્યાંજ આટલાં વાનાં હોઈ શકે છે.

૮ વિવેક હોય ત્યાં આત્મામાં સંપૂર્ણ શ્રદ્ધા હોય, વિવેકી મનુષ્ય સંતોષને સારી રીતે ઓળખી શકે અને તેથીજ તે પૂર્ણ સુખી પણ હોય જેના આત્મામાં વિવેક હોય ત્યાં અનંત બળ પ્રભુ ઉપર દ્રઢ વિશ્વાસ અને હિમ્મત હોય તેમાં શું નવાઇ ! માટે વિવેક વિનાના નવ-નિધિઓ (ભંડારો) પણ નકામા છે.

અનુસરણ ગુણી જનોનું જ કરવું જોઇએ. ગુણી જનોને અનુસરવાથી સર્વ સંપત્તિઓ પોતાની મેળેજ આવી મળે છે. ગુણી જનો જે સદ્દગુણો ધરાવતા હોય તે સદ્દગુણો બનતી કોશીશે તેઓનાં આચરણથી તેઓનાં ચરિત્રોથી તેઓના સહવાસથી જાણી લેવા જોઈએ. તેઓના સેવાનો આ પણ એક પ્રકાર છે કે.—

૯ ગુણી જનોને જોઇ ખુશી થવું ગુણી જનનાં વખાણ કરવાં. ગુણી જનોને યથાશક્તિ જરૂરીઆતો પુરી પાડવી. ગુણી જનોને નમન કરવું, પણ ગુલામી કોઇની કરવી નહી, બીજા મહાપુરૂષો છે. અને હું તેઓથી ઉતરતો છું એમ કદાપિ ન માનવું, કારણ કે આત્માનું તેજ ઔર છે સંયોગો અનુકુળ હોય અને ઇશ્વરની અપાર કૃપાનો જો તે ભાગ્ય યોગે પાત્ર બને તો પછી પુછવું જ શું ? સુદામાજીનું ચરિત્ર કોનાથી અજાણ્યું છે—માટે જે પુરૂષ પોતાને નીચ માને તે કદી ઉંચી દશા પામી ન શકે. હમેશાં પ્રત્યેક મનુષ્યોએ પ્રતિક્ષણે સાવધાન રહેવું જોઇએ, બહાર ના ત્યાગથી ભોળવાઇ જવું નહી, બહારના દેખાવ માત્ર ગુણોથી અંજાઈ જવું નહી, હૃદયના ભાવોને બરાબર તપાસવા, તારનાર ગુરૂ છે ખરા, પણ તરવું એ આત્મબળ હોય તોજ બની શકે— ગુરૂની ભક્તિ અવશ્ય કરવી જોઇએ, પણ ખોટા મોહમાં ફસાઈ ગુરૂ ઘેલા કદાપિ ન થવું. હમેશાં મનમાં સંશય લાવીને પ્રત્યેક કાર્યમાં જેની તેની સલાહ પુછતા ફરે તે પુરૂષ આગળ આત્મોન્નતિ કરી શકતો નથી, સારૂં કે નરસું બધાઓનું સાંભળવું

જોઇએ. પરંતુ આત્માને સાક્ષી રાખી બુદ્ધિથી યોગ્યાયોગ્યનો વિચાર કર્યા પછી જ કાર્યને અમલમાં લાવવું. કહ્યું છે કે.—

दृष्टिपूतं न्यसेत्पादं. मनः पूतं समाचरेत् ॥

આડંબરને માટે સમયનો તથા નાણાંનો દુરૂપયોગ કરવો એના જેવી બીજી કંઇ મૂર્ખતા હોઇ શકે જે મનુષ્ય ઇશ્વરની કુદરતને ચાહનારો છે તે કદાપિ આડંબર નહી કરે. જુઓ બ્હેનો! સ્રીઓએ આવી બાબતો બહુજ લક્ષમાં રાખવી. ખોટા ખરચો કરી ખોટો આડંબર મેળવવા માટે માણસોને કેટલું નીતિ ભ્રષ્ટ થવું પડે છે. તે તમારાથી અજાણ્યું તો નજ હોય. પ્રત્યેક વ્યવહારમાં સાદાઈ જરૂરની છે. સાદાઈ—સરલતા એજ પ્રત્યેક સ્રી પુરૂષોનો અલંકાર છે. જે સાદાઈ ને દુર કરી આડંબર ને ધારણ કરે છે તે પોતાના આત્મ—તેજને દૂર કરી સંસારી ઘેલો બને છે. માટે—

૧૦ સાદાઈ જેવો અમૂલ્ય શૃંગાર એક પણ આ સંસારમાં નથી. વસ્રમાં એટલે કે વસ્રો પહેરવામાં સાદાઈ રાખવી. ઘરને હમેશાં સ્વચ્છ રાખવું, પણ ખોટી શોભા વધારવા નાણાનો દુરૂપયોગ ન કરવો. તેમજ ભોજન પણ સાદુ સાત્વિકજ લેવું. જેટલો વધારે સ્વાદ કરવામાં આવે તેટલુંજ વધારે જોખમ ખેડવું પડે. માટે જેટલી તૃપ્તિ સાત્વિક આહારમાં અને નિયમસર માપમાં થાય તેટલી પુષ્ટિ જીહ્વાના સ્વાદને આધીન થઇ અપરિમિત અને અનિયમિત ભોજન કરનારને પ્રાપ્ત કરવાનો ભાગ્યેજ સંભવ હોય. સાદા ભોજનથી જે પુષ્ટિ મળે છે. તે પુષ્ટિ રસાયન માત્રા ખાનારાઓને પણ પ્રાપ્ત થતી નથી માટે પ્રત્યેક વ્યવહારમાં હમેશાં સાદાઇ તો રાખવીજ જોઇએ, પોતાની હમેશની ટેવોમાં પણ સાદાઇ રાખવી તેમજ બોલીમાં—પરસ્પર વાર્તાલાપમાં પણ શુદ્ધ—સરલ અને સાદા શબ્દોનો પ્રયોગ કરવો. ખરચ કરવામાં પણ સાદાઇનો આશ્રય લેવો જોઇએ જોઇ વિચારીને જે ખરચ ન

કરે તે ઉડાઉ ગણાય અને ઉડાઉ મનુષ્ય નિરંકુશ થઇ પૈસા ઉડાવે તે તો આપઘાતજ કરે છે એમ જાણજો. મોટી મોટી સમૃદ્ધિવાળા રાજાઓથી પણ ઉડાઉ ન થઇ શકાય માટે 'આપણે પામર છીએ. આપણે કોણ?' આ વાત લક્ષ્યમાં રાખી થોડામાં ગુજારો કરવો એજ હિતાવહ છે. આનો મતલબ એવો નથી કે કંજુસ થઈ જવું જ્યાં પ્રસંગ હોય ત્યાં અવશ્ય પોતાના ઔદાર્ય વગેરે સદ્‌ગુણોનો પરિચય સમાજ ને કરાવવોજ જોઇએ. હમેશાં પ્રત્યેક મનુષ્યોએ ઉદાર દિલના થવુંજ જોઇએ—" उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् " જેઓનાં ઉદાર ચરિત્રો—આચરણો હોય તેઓને તો આ આખી પૃથિવી કુટુમ્બ સ્વરૂપજ બની જાય છે. માટે આનો મતલબ એવો થઇ શકે કે પોતાને માટે થોડું વાપરો અને બાકીનું પરોપકાર માટેજ ખરચો તેમાંજ તમારી પ્રતિષ્ઠા છે. તેમાંજ તમારો ઉદય થશે. બ્હેનો! આવી સરલતા હોય ત્યાંજ હૃદય હમેશાં સંતુષ્ઠ બની સત્ય આનંદ મેળવી શકે છે.

વળી પરોપકાર એ પ્રાણીમાત્રનું કર્તવ્ય છે તે વાત હું તમોને અગાઉ કહી ગઈ છું પરોપકારથીજ વિશ્વપ્રેમની ઝાંખી કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય છે.

૧૧ જે હાથે આપણે દાન કરીએ છીએ, તેજ હાથોમાં આપણે પાછું મેળવીએ છીએ. દુઃખી અને પીડિત આત્માનો તેને યોગ્ય સમયે મદદ થવા થકી જે આશિર્વાદ મળે છે તેની કિમ્મત કયો પંડિત આંકવા સમર્થ છે? આપણે જે કાંઇ આપ્યું હોય તે તો દશ ગણા વ્યાજ સાથે પાછું મળે છે. જુઓ દાનના મહિમાની એક વખતે યશોદાના પિતાજી વાત કરતા હતા. દેવોમાં દેવપણું તેઓના દાનથીજ ટકી રહ્યું છે.

अग्नौ प्रास्ताहुतिः सम्यगादित्यमुपतिष्ठते ।

आदित्याज्जायते वृष्टि र्वृष्टेरन्नं ततः प्रजाः ॥

આપણે અગ્નિમાં જે હોમ કરીએ છીએ તે સૂર્યનારાયણ પાસે પહોંચે છે. સૂર્ય થકી વૃષ્ટિ થાય અને વૃષ્ટિ થકી અનાજ ઉત્પન્ન થાય અને અનાજથી સમસ્ત પ્રજાનું પાલન થાય બ્હેનો ! આપણો સ્ત્રીવર્ગ–પતિ–સેવાદ્વારા તેવા સત્કાર્યોમાં સારી રીતે ભાગ લઇ શકે છે. આ પ્રમાણે આપણે જો દાનનો મહિમા ન સમજીએ તો અમૃતરૂપ વૃષ્ટિ અને તેથી થતો અન્નોત્પત્તિનો લાભ કયાંથી મળે ? માટેજ શાસ્ત્રોમાં દાનનો મહિમા અપૂર્વ ગાયો છે. બ્હેનો, વિશેષ શું વર્ણવું ? દાન જેવી વસ્તુ જો આ દુનીયામાં ન હોત તો કોઇ પણ વ્યવહાર જ સિદ્ધ ન થઇ શકત. આપણે જાણે અજાણે પણ પ્રતિક્ષણે દાન આપીએ છીએ અને લઇએ છીએ. માટે દાનદ્વારા થતો પરોપકાર હંમેશાં લક્ષ્યમાં રાખીને બદલાની આશા રાખ્યા સિવાય પોતાનું કર્તવ્ય ભુલવું ન જ જોઇએ. પરોપકાર અને દાન કેવળ પ્રેમભાવથી જ કરવાં એમ થાય તો જ પ્રભુ પ્રસન્ન થાય અને પ્રભુનું સ્વરૂપ ઓળખવાને પણ આપણે અધિકારી થઇ શકીએ.

૧૨ જો આપણે હાથે પરોપકાર થતો હોય તો લોકો સમજીને જ આપણને માન આપે, માન મળવાથી અથવા તેને માટે પ્રયાસો કરવાથી માન મળતુંજ નથી પરોપકાર કરવાથી સરલવૃત્તિ થાય છે તે વૃત્તિ જ યોગ્યતાનો આંક કઢાવે છે. સંપીને ચાલીએ તો માન મળે, પ્રમાણિકપણું જાળવી રાખનારને માન મળે સ્વભાવ નમ્ર હોય તો માન મળે, સત્ય ટેક સાચવનારને માન

મળે, બુદ્ધિ-બળથી માન મળે; પરંતુ જે માનની માગણી કરે તેનાથી માન વેગળું જ નાસે છે.

સંસારચક્રના વમળોમાં મિત્ર વિના રહી શકાતું નથી. બ્હેનો ! જો જીવનમાં સાચો મિત્ર ન હોય તો અનેક વખતે સાચા અને સારા મિત્રની સહાયતાના અભાવે પ્રત્યેક મનુષ્યને વારંવાર દુઃખના બોજાઓને સહન કરવાનો પ્રસંગ મળે છે. જુઓ—

૧૩ દુનીયામાં હજારો ભુલભુલામણી છે ભુલભુલામણીથી બચવા માટે મિત્રની જરૂર છે, સ્રીનો સારામાં સારો મિત્ર પતિ. અને પતિનો સારામાં સારો મિત્ર પત્ની છે પતિ અને પત્ની એક ગાડાનાં બે પૈડાં છે જે ગાડાનું પૈડું નબળું હોય તે ગાડું ચાલી શકે નહીં. પતિનું ઘર સારી રીતે ચલાવે તે પત્ની, ઘર ચલાવવાની વિદ્યા શીખવા પહેલાં પરણે તે મૂર્ખ, લાયકાત વગરના પતિ-પત્નિ દુનીયાને ભારરૂપ છે. મા બાપ જલ્દી પરણાવે તો કરગરીને સમજાવવાં, બુદ્ધિ અને પૈસા વગર વેપાર કરે તે મૂર્ખ, બુદ્ધિ અને શરીર ખીલ્યા પહેલાં પરણે તે મૂર્ખ પતિ ગુણીજન મળે તો જ પોતાનો ધર્મ ઠીક પાળી શકાય. પત્નિ એટલે પતિની સહધર્મચારિણી, પતિની જીંદગી સુખી કરે તે પત્ની પતિની જીંદગીઉંચ બનાવે તે પત્ની, પતિને મદદગાર થાય તે પત્ની પતિનાં ઝુંપડાને મહેલ બનાવે તે પત્ની પતિના સુખ દુઃખ અને વિચારમાં ભાગ લે તે પત્નિ પતિના દોષ નમ્રતાથી સુધારે તે પત્નિ, પતિને આગળ વધવામાં સ્હાય કરે તે પત્ની પતિની ટેક જળવાવે તે પત્ની પતિને કંટાળવા ન દે પત્ની પતિને ઘરની ઉપાધીમાથી બચાવે તે પત્ની, સ્રીઓમાં પણ ખરેખરી પત્ની થવાની યોગ્યતા

હોવી જોઇએ, આત્મભોગ આપ્યા શિવાય તથા પતિના પ્રત્યેક યોગ્ય આચરણને અનુકૂળ થયા શિવાય પરલોકના સુખની કે પતિલોકના સુખની આશા રાખી જ ન શકાય.

૧૪ અલંકાર અને ઠાઠમાઠ ઇચ્છે તે દાસી, શરીરનો ભોગ ઇચ્છે તે વેશ્યા, પતિનું સુખ ઇચ્છે તે પત્ની અને પતિની ઉન્નતિ માટે આત્મભોગ આપે તે દેવી. જુઓ મનુસ્મૃતિમાં કહ્યું છે કેઃ—

तिस्रः कोट्योर्धकोटी च यानि लोमानि मानवे ।
तावत्कालं वसेत्स्वर्गं भर्तारं यानुगच्छाति ॥

બ્હેનો ! રૂંવાડે રૂંવાડે પતિના શરીરમાં પૂજ્યભાવ હોવો જોઈએ આવો સદ્ભાવ જે સાધ્વીના હૃદયમાં બિરાજતો હોય તે જ સ્ત્રી પતિલોકને પામે છે. જે મનુષ્યનાં શરીર ઉપર જે સાડા-ત્રણ કરોડ રૂંવાટી છે તેટલા કાળ સુધી ધણીને અનુસરવાવાળી સ્ત્રી પતિલોકમાં પતિ સાથે બિરાજે છે વધારે શું કહું ? તો પણ સ્ત્રીઓએ પ્રત્યેક કાર્ય બુદ્ધિપૂર્વક જ આચરવું જોઇએ. ડાહી સ્ત્રીના દિનચર્યા સાધારણ સ્ત્રી કરતાં વિલક્ષણ જ હોવી જોઇએ ડાહી સ્ત્રીઓએ આટલું તો અવશ્ય કરવું જ જોઇએ.

ડાહી સ્ત્રીએ સવારમાં વહેલાં ઉઠવું, ડાહી સ્ત્રીએ બચ્ચાંઓને ભણાવવા કાળજી રાખવી.

ડાહી સ્ત્રીએ કુટુંબવાત્સલ્ય રાખવું, ડાહી સ્ત્રીએ પરોશીને મદદ કરવી.

ડાહીસ્ત્રીએ અતિથિનો સત્કાર કરવો, ડાહી સ્ત્રીએ ઘરનો હિસાબ રાખવો.

ડાહી સ્ત્રીએ દુઃખીઓ માટે દરવાજા ખુલ્લા રાખવા, ડાહી સ્ત્રીએ સાસુ સસરાનું સન્માન કરવું.

ડાહી સ્ત્રીએ રોજ રોજ કાંઈ કાંઇ નવ-નવું શીખવું, ડાહી સ્ત્રીએ શરીરને મહેનત પડે એવું કામ રોજ કરવું.

ડાહી સ્ત્રીએ કામકાજનો નિયમ રાખવો, ડાહી સ્ત્રીએ ઘડીભર પણ નવરાં થઈ બેસવું નહીં.

ડાહી સ્ત્રીએ સંતોષી બનવું, ડાહી સ્ત્રીએ સમય વર્તીને ચાલવું.

ડાહી સ્ત્રીએ ગંભીર બનવું, ડાહી સ્ત્રીએ મશ્કરી ઠઠ્ઠાથી દૂર રહેવું,

ડાહી સ્ત્રીએ હિમ્મતવાન બનવું, ડાહી સ્ત્રીએ દુષ્ટ-જનોથી ચેતતા રહેવું. પણ બ્હેનો! વિશ્વ-પ્રેમ કુટુંબ-પ્રેમ શિવાય ઓળખાતો નથી 'वसुधैव कुटुम्बकम्' એ ભાવનાનો પ્રવાહ જાગૃત થયા શિવાય પોતાનું એકલાનું જીવન સુખી હોય તો પણ નકામા જેવું છે, માટે કુટુંબ માટે પણ અવશ્ય હિતના વિચારો કરવા જ જોઇએ.

૧૬ ડાહ્યા માણસોએ કોઇ કોઈ વખત કુટુંબ-જાગરણ કરવું કુટુંબ-જાગરણ એટલે કુટુંબના માણસોનાં સુખ દુઃખનો વિચાર, કુટુંબજાગરણ એટલે કુટુંબના દરેક માણસની જરૂરીઆતોનો વિચાર, કુટુંબજાગરણ એટલે કુટુંબને સુધારવાનો વિચાર. તેમ જ ધર્મ સંબંધી ઉહાપોહ નિરંતર કર્યા કરવો જોઇએ, આપણું હંમેશાનું કર્તવ્ય યોગ્ય છે કે નહીં અને તે કેટલુ

પ્રભુપ્રીત્યર્થે થાય છે? તે પણ વિચારવું જોઈએ તેનું નામ ધર્મ-જાગરણ કહેવાય.

૧૭ ડાહ્યા માણુસોએ વખતો વખત ધર્મજાગરણ કરવું. ધર્મ-જાગરણ એટલે આત્મા સંબંધી વિચાર. ધર્મજાગરણ એટલે પોતાનાં સત્કાર્યો સંબંધી વિચારોની તપાસ. કહ્યું છે કે:— 'धनाद्धर्मस्ततः सुखम्' એટલે કે ધર્મજાગરણ કરતાં કરતાં સુખી જીવન થયું. એટલે કે—ભાગ્યયોગે સર્વ પ્રકારની અનુંકૂળતાઓ પ્રાપ્ત થઇ તો પણ ડાહી સ્ત્રીએ આટલી બાતો હંમેશાં ખ્યાલમાં રાખવી જોઇએ.

૧૮ ડાહી સ્ત્રી કરકસરમાં હોશીયાર હોય, ડાહી સ્ત્રીની ટેવો મર્યાદાવાળી હોય.

ડાહી સ્ત્રી હંમેશાં ઉદ્યમી બની રહે, ડાહી સ્ત્રી કોઇની ખોટી આજ્ઞા ન પાળે.

ડાહી સ્ત્રી માણુસ જોઇને વર્તે, ડાહી સ્ત્રી ગરીબાઇથી શરમાય નહીં.

ડાહી સ્ત્રી શ્રીમંતાઈથી છલકાઇ ન જાય, ડાહી સ્ત્રી દરેક સ્થિતિમાં મોટું મન રાખે.

ડાહી સ્ત્રીનો બોલ હંમેશાં મીઠો નીકળે, ડાહી સ્ત્રી પતિને દેવ માફક પૂજે.

ડાહી સ્ત્રી પતિની તથા વડિલોની આજ્ઞાને હંમેશાં શિરપર ઉઠાવી તેનું પાલન કરે.

બ્હેનો! આ બધી શિખામણો હૃદયમાં ઠસ.વી લેજો. નહીં તો પછી મનુષ્યો અને પશુઓમાં શો ફરક લેખી શકાય? જુઓ મનુષ્યોને અને પશુઓને આહાર, નિદ્રા. ભય અને કામવાસના, તે ચારે સરખાં જ હોય છે; છતાં મનુષ્યોમાં બીજાં પ્રાણીઓ કરતાં કાંઇક જ્ઞાન વધારે હોવાથી તે ચારેને નિયમિત રાખવાથી ઘણો જ લાભ મળી આવે તે દેખીતું છે. આ ચારેમાંથી કોઇ એકાદ વધી પડે તો બહુ જ માઠું પરિણામ આવે, જુઓ—

૧૯ આહાર, નિદ્રા. ભય અને કામવાસના વધાર્યાં જ વધે. તે ચારેને ઘટાડવાં અથવા નિયમિત રાખવાં તે જ પુરૂષાર્થ કહેવાય. આહાર વધારે તે બીમાર થાય, નિદ્રા વધારે તેની બુદ્ધિ જાય, ભય વધારે તેનું બળ જાય, કામવાસના વધારે તેની માણુસાઇ જાય. માટે તે ચારેને હંમેશાં નિયમિત જ રાખવાં જોઇએ—

વળી સત્સંગ તો હંમેશાં કરવો જ જોઇએ, સત્સંગ વિના આ આત્માની ઉન્નતિ સંભવતી જ નથી. સત્સંગ બુદ્ધિની મંદતાને હરે છે, વાણીમાં પવિત્રપણું લાવે છે માન અને ઉન્નતિનું દર્શન કરાવે છે. પાપોને વેગળાં રાખે છે. ચિત્તને પ્રસન્ન રાખે છે ચારે દિશાઓમાં કીર્તિને ફેલાવો કરે છે માટે—

૨૦ સત્સંગ (સોબત) પોતાથી વધારે ગુણવાનનો કરવો. સોબત બરાબર ન મળે તો એકલાં રહેવું ઝાઝાથી વેર ન કરવું. ઝાઝાથી દોસ્તી પણ ન કરવી. પ્રેમ ત્યાં પડદો નહીં

પડદો ત્યાં નહીં પ્રેમ, મનુષ્યો ઉપરના પ્રેમ પરથી પરમાત્મા ઉપરનો પ્રેમ શીખવો જોઇએ અને તે બધું સત્સંગ હોય તો જ બની શકે.

આ સંસારમાં આવીને મનુષ્યોને બહુ જ શીખવાનું મળે છે. શુભ અથવા અશુભ પ્રસંગો આપણે જ્યારે અનુભવીએ ત્યારે આપણને તેમાંથી ઘણુંયે શીખવાનું મળે છે એ પ્રમાણે ગદ્ ગદ્ થતાં વિમલા માતા આ પ્રમાણે બોલવા લાગ્યાં જુઓ—

૨૧ દુનીયા અનુભવો મેળવવા માટે શાળા છે. ઘર એ નિશાળ છે, સારા માઠા પ્રસંગો આપણા શિક્ષક છે આત્માનો સ્વામી કોઇ નથી, પતિ પણ નહી અને પત્ની પણ નહી. દેવલોક અથવા મોક્ષ જોઇ તો હોય તો આંહિ જ દેવ બનો. ઉચ્ચ પ્રકારનું જીવન—એ પરમ ધર્મ છે કરવા લાયક કોઇ પણ કામ પોતાના મનથી હલકું જણાય તો પણ પવિત્ર માનો. દુઃખથી અકળાઈને હાય વોય ન કરે તે પાછલાં કર્મોને બાળી શકે. આત્મા અમર જ્ઞાનરૂપ, આનંદરૂપ અને સત્સ્વરૂપ છે માટે મનની વૃત્તિઓને વાસનાઓથી દૂર ખસેડી સર્વદા આનંદમાં રાખો.

ઉછરતી સ્ત્રીઓ અને નવજીવનમાં પ્રવેશ કરતા બાળકમાં સાહસિક પણું ચાંચલ્ય બુદ્ધિ બહુજ હોય છે સ્ત્રીઓએ હમેશાં પોતાના પતિને અથવા રક્ષકને અનુસરી યોગ્યાયોગ્યનો વિચાર કરી કામ કરવું, કદાપિ સ્વતન્ત્રતાથી સાહસો ખેડવાં નહી કહ્યું છે કે—**न स्त्री स्वातन्त्र्य मर्हति**.

૨૨ બાળક, જુવાન અને વૃદ્ધ સ્ત્રીએ ઘરમાં કાંઇ પણ કાર્ય સ્વતન્ત્રતાથી કરવું નહી. તેમજ સ્ત્રીઓએ નાની વયમાં પિતાની

આજ્ઞામાં રહેવું, યુવાવસ્થામાં પતિની આજ્ઞામાં રહેવું અને પતિ મરી ગયા પછી પુત્રોના રક્ષણમાં રહેવું; પરંતુ સ્વતન્ત્રતા ભોગવવી નહી.

'પતિના કુલની કે પિતાના કુલની પ્રતિષ્ઠાને વધારવી' તે સન્નારીનું પરમ કર્તવ્ય છે. તેમજ શોભા છે. જે સ્ત્રી તે બન્ને કુલની ઇજ્જત વધારી શકતી હોય તેજ સ્ત્રી બેઉ કુલને તારે છે; પરંતુ તે મ ન વર્તતાં સ્વતન્ત્રતાથી રહેવા ઇચ્છતી હોય તે બન્ને કુલોને અધોગતિમાં લઇ જાય છે. માટે—

૨૩ સ્ત્રીઓએ પિતા. સ્વામી અથવા તો પુત્રોથી જુદા પડીને રહેવાની ઇચ્છા કરવી નહી. આ ત્રણેથી જો જુદા રહેવાનું સ્ત્રી પોતે પ્રસન્ન કરે તો તે સ્ત્રી પતિ અને પીયેર એ બન્નેના કુળને નિન્દા પાત્ર કરે છે.

સ્ત્રીઓના શિર પર ઘરનો બધો વહીવટ હોય છે વ્યવસ્થાસર જો ગૃહિણી તે વહીવટને ન સંભાળે તો ઘર એ નાના બચ્ચાઓ એ રમવા માટે બનાવેલા ઘોલકા જેવુંજ તે બને છે. માટે—

૨૪ સ્ત્રીઓએ હમેશાં હર્ષમાં રહેવું ઘરના કામકાજમાં ચતુરાઇ રાખવી, ઘરની સર્વે વસ્તુઓને ઝાડીઝુડીને સાફ રાખવી અને ઘર ખર્ચમાં ખુલ્લા હાથથી કદાપિ ન રહેવું એટલે કે જ્યાં બની શકે ત્યાં નિયમસર કર કસર કરવી.

પણ જુઓ બ્હેનો ! જે કામ આપણી જાતિથી બની શકે છે. તે કામ ભાગ્યેજ બીજી કોઇ જાતિથી બની શકતું હશે. સ્ત્રીઓ-એ ખરેખર પોતાના ઇશ્વર સ્વરૂપ પતિને નિયમિત રાખવા માટે ત્રિગુણાત્મિકા માયા તુલ્ય છે.

પ્રતિનાં ચરિત્રો શુદ્ધ રાખવાને માટે પણ નિર્મલ સ્નેહ-જ્યોતિમાં ઉછળતી સહધર્મ ચારિણી સિવાય બીજું કોણ સમર્થ હોઇ શકે વારૂ ?

૨૫ પુરૂષોને પરસ્ત્રીથી દુર રાખવાની કાળજી રાખવી એ પણ સ્ત્રીઓનું અવશ્ય કર્તવ્ય છે. લક્ષ્મી અથવા ધનનો કબજો બનતાં સુધી સ્ત્રીઓને સોંપવો નહી, પરંતુ બાળકોને નવરાવવા ધોવરાવવા ના કામમાં તથા દેવપૂજન વગેરેના કામમાં, તથા રસોઈના કામમાં તથા ઘરના વાસણ કુસણ વગેરે વસ્તુની સંભાળ રાખવાના કામોમાં સ્ત્રીઓની નીમણુક કરવી, આ પ્રકારની વ્યવસ્થાઓ તથા શ્રમ વિભાગ સ્ત્રીઓને દેવી સ્વરૂપ બનાવે છે.

તથાપિ હે બ્હેનો ! જેમ પતિ એ ગૃહસ્થાશ્રમનો જવાબદાર છે. તેમ પત્ની પણ ગૃહસ્થાશ્રમની અર્ધી અથવા કહીએ તો સંપૂર્ણ જવાબદારી ભોગવે છે. બેઉમાંથી એકનું ચરિત્ર દૂષિત થયું હોય તો તે ગૃહસ્થાશ્રમની મીઠાશ ધૂળમાંજ મળે છે. સ્ત્રીઓએ પણ ઘણી ખરી ચીજોનો ત્યાગ તો કરવોજ જોઇએ.પ્રાણાન્તનો સમય હોય તો પણ આટલી વસ્તુઓનો સ્વીકાર ન જ કરી શકાય જેમ કે-

૨૬ મદિરાપાન, દુર્જનોનો સંગ, પતિનો વિયોગ, ગમે ત્યા ભટકયા કરવું તે, ગમે ત્યારે નિદ્રા કરવી, અને પર ઘેર નિવાસ કરવો, આ છ બાબતો સ્ત્રીઓનાં ચરિત્રોને દૂષિત કરનારી છે.

પતિલોકને ઇચ્છનારી, પતિનાજ ભલામાં રાજી રહેનારી ધર્મપત્ની જો પોતાના પતિનુંજ ભલું કરવા અને પતિ એજ

સ્ત્રીઓને સર્વ દેવમય છે. એવું બીજીઓના અંતઃકરણમાં શ્રદ્ધા-પૂર્વક ઠસાવવા રાત્રિદિવસ પ્રયાસ કરતી હોય તેવી સ્ત્રીની પણ ફરજ છે કે–

૨૭ જો ઋતુ પ્રાપ્ત થયા પછી નવ વર્ષ સુધી સ્ત્રી વાંઝણી રહે. જે સ્ત્રીને છોકરાં અવતરીને મરી જતાં હોય અથવા કન્યાઓજ અવતરતી હોય તેવી સ્ત્રીએ પરણ્યા પછી અગીઆરમે વરસે પોતાના પતિને વંશ વૃદ્ધિ માટે બીજી પત્ની કરવા સંમતિ આપવી. જે સ્ત્રી કડવાં વચનો બોલનારી હોય. તેવી સ્ત્રી ઉપર તુરતજ બીજી સ્ત્રી પરણવામાં દોષ નથી, પરંતુ જે સ્ત્રી રોગી છતાં પતિનું હિત કરનારી અને સદ્‌ગુણી હોય તેના ધણી એ સ્ત્રીની સંમતિ સિવાય બીજી સ્ત્રી કરવી એ ઉપાધિઓને વહોરવા જેવું છે.

બ્હેનો ! બધુંએ ખ્યાલમાં રાખજો અને સાથે સાથે આ વાતને પણ ભુલશો નહી. કે—

૨૮ વ્યસન અને મૃત્યૂ એ બેમાંથી વ્યસન એ વધારે કષ્ટ આપનારૂં છે. વ્યસન જીવન પર્યન્ત મનુષ્યોને નિઃસત્વ બનાવી દે છે જ્યારે મૃત્યુતો એક દેહથી મુક્તિ કરાવી બીજા નવીન દેહને અપાવે છે.

આ પ્રમાણે મધુર અને હિતકર ઉપદેશ આપીને યશોદા તથા તેની સહચરીઓને વિમલા માતા કહેવા લાગ્યાં બહેનો રાત્રિનો ત્રીજો પ્રહર સમાપ્ત થવા આવ્યો છે જે શારદચંદ્ર આપણા વાર્તાલાપ સમયે આપણા શિરપર પોતાનાં દુગ્ધસમ શ્વેત કરોથી તમારી મુખાકૃતિ અને દંતપંક્તિઓના તેજ પ્રવા

હુમાં આસકત હતો, ત્યારેજ આપણો વાર્તાલાપ પૂર્ણ રસ ઉપર પહોંચ્યો હતો એટલે કે જે ચંદ્ર શ્રી શ્રીકૃષ્ણની પ્રેમમય રાસ--લીલાનો સાક્ષી હતો, જે ચંદ્રના કાન્તિ પ્રવાહમાં સ્વાંતિ નક્ષત્રના યોગે મેઘરાજ પોતાનાં અમૃતમય બિન્દુઓને નવનીત પિણ્ડ-સમાન શુકિતકાઓમાં વરસાવી મુકતા સ્વરૂપ બનાવવા પ્રયાસ કરે છે તેજ આ સમય તમોને અપાતા ઉપદેશનો છે. હું ધારૂં છું કે આ ઉપદેશરૂપી વૃષ્ટિના બિન્દુઓ તમારી હૃદય શુકિતકાઓમાં ઉચ્ચ સ્થાનને પામી તમારા યોગ્ય ગૃહસ્થાશ્રમ સમયે તમારા કણ્ઠમાં મુકતાહાર તરી કે બિરાજો. આજની રાત્રિ ઘણાજ મહોત્સવ સાથે ઉજવાઇ, હવે તો દીવાળી વીત્યા બાદ જ્યારે તમારા લગ્નની ધામધુંમ મચતી હશે, ત્યારેજ હું તમોને તમારા ગૃહસ્થાશ્રમને ઉપયોગી બે શબ્દો કહીશ. ઠાકુરજીને સ્વસ્થાનમાં લઇ જાઓ અને ઉષાકાળનો સમય થયેલો છે. માટે સર્વે પ્રાતઃ-સ્નાનની તૈયારી કરો, એટલું કહી વિમલા માતા—પ્રાતઃસ્મરણમાં અને પ્રભુ ભજનોમાં અપૂર્વ રસ લેતાં તલ્લીન થયાં. સર્વે બ્હેનો પોતપોતાના કામમાં ગુંથાઈ ગઈ અને ગ્રહસ્થાશ્રમ વિષેના વિસ્તારપુર્વક શ્રવણની પ્રાર્થના દેવ પ્રબોધિનીના દિવસે સ્વીકારવામાં આવી. અસ્તુ.

अमारी आम बाबत छे.

(સંપાદક—સવિતાબેન ચીમનભાઇ લાલાભાઈ નગરશેઠ)

(ગઝલ)

સુધારાની સદીમાં પણ, સ્રીઓની દુર્દશા આ શી ! !
સહુ અજ્ઞાનમાં સડીએ,
"અમારી આમ બાબત છે."

અરે સ્રીરત્નની નહિ કો,
ખરી કિંમત કરી જાણે;
પડ્યાં ખૂણે અમે સડીએ—અમારી.

કુસુમ સમ કુમળાં તોયે,
"પડયો પથરો" બધાં કહેતાં;
નહિ દરકાર કો રાખે—અમારી.

અમારી રાંક જાતિમાં,
નહિ કો લાત મારે પણ;
જન્મથી " ધોડી " કહેતાં સૌ—અમારી.

સુકર્મી માતનાં બાળો,
અમે સુકર્મ કરનારાં;
" અકર્મી " કહી સૌ ભાંડે—અમારી.

ગરીબ ગાયો સમાં સૌએ,
નહિ કદી ભૂંકતાં તોયે;
"ગધેડી" કેમ કહેતાં સૌ?–અમારી.

અમે સૌ પ્રેમની પ્રતિમા,
નહિં ભસતાં કદી તોયે;
અમોને "કૂતરી" કહે છે–અમારી.

ભલે હોયે પતિ જીવતો,
પરંતુ "રાંડ" કહેતાં સૌ;
સગાઈ વીણુ "સાળી" કહે–અમારી.

પતિવ્રત પાળીએ નિત્યે,
પતિને દેવ ગણીએ પણ,
જનો "વેશ્યા" કહી ભાંડે–અમારી.

પિતા ધન ખર્ચી પરણાવે,
અમારા હિતને કાજે,
સતાવે છે "લુંડી" કહીને–અમારી.

ભલેને શહેરમાં રહીએ,
શહેરી રીત અનુસરીએ,
પરંતુ "જંગલી" કહે જન–અમારી.

ઘણા ગુણવાન પુત્રોને,
વળી પુત્રી ભલે હોયે,
કહીને "વાંઝણી" ભાંડે–અમારી.

શરીરે સ્વચ્છ રહીએ પણ,
    અમોને તો "કુવડ" ગણતા,
"કભારજા" કહે સુભાર્યાને-અમારી.

બધાં અંગો સુદૃઢ હોયે,
    ઘણું સૌન્દર્ય હોયે પણ;
કહી "કુબ્જા" જુઓ ભાંડે-અમારી.

અમે ઘરનાં બધાં કાર્યો,
    અમારી બુદ્ધિથી કરીએ,
અમારી "બુદ્ધિ પાનીએ"!-અમારી.

અમે સાચું ઉચરીએ પણ,
    અમારૂં કોઈ માને નહિં.
કહી "જુઠ્ઠી" તિરસ્કારે-અમારી.

અમારાં છે સરળ હૃદયો,
    નહિ લુચ્ચાઇ કરીએ પણ;
સહુ "લુચ્ચી" કહી ભાંડે-અમારી.

અમે છૂપાં રહસ્યો ના,
    કદી કોને કહી દઇએ,
"રહે ના પેટમાં કંઈ વાત"-અમારી.

અમે બહુ લાગણીવાળાં,
    સમજીએ સાનમાં તો પણ;
સતાવે છે "નફટ" કહીને-અમારી.

અમોને લાજ બહુ વ્હાલી,
    મરણ પણ એથી સારૂં પણ;
કહે "નકટી" અને "નિર્લજ"-અમારી.

હૃદયબળ, માનસિક બળ સૌ,
    અમે દર્શાવીએ બહુ પણ;
કહી "અબળા" સતાવે છે-અમારી.

    ઉઠો જાગ્રત્ થાઓને,
વીરો અમ ઉન્નતિ કરવા;
    અમો અજ્ઞાનમાં સડીએ-અમારી.

(ગુજરાતી પત્ર તા. ૨૬-૩-૨૨ ઉપરથી)



જ્ઞાતિ સુધારા.

સંગ્રાહક—મણિલાલ નાનચંદ શાહ.

પંચ જ્ઞાતિનું બંધારણ કેવું જોઈએ તે વિષે સૂચના.

૧ પંચની પ્રતીનીધિ કમીટી ના (મેંબરો) સભાસદોની સંખ્યા એકડાના પ્રમાણમાં નકકો કરવી.

૨ એકવીશ વર્ષ પુરા થયેલા દરેક માણસને પંચના કામોમાં મત આપવાનો અધિકાર છે, એમ ઠરાવવું.

૩ કલમ ૧ મુજબ સર્વે પંચની વસ્તિના પ્રમાણમાં નિમાયેલા મેંમબરો અથવા પ્રતીનીધિ કમિટીના સભાસદો એક વર્ષ સુધી કામ કરે અને દર વર્ષે મેંબરોની કમિટી નવી નીમવી અને કોઇ પણ કારણસર નવી કમિટી ન નીમાય ત્યાં સુધી જુની કમિટી કામ કરે.

૪ પ્રતીનીધિઓ (મેંબરો) ની નિમાયેલી કમિટીએ પોતાનાં સભાસદોમાંથી એક સેક્રેટરી નીમવો. સેક્રેટરીએ વર્ષ દરમીયાન કામકાજની નોંધ રાખવી તથા સેક્રેટરીએ કરવાના કામ વિગતવાર નકકી કરવાં. અને એક નાની કેળવણી કમિટી

નીમવી. અને કેળવણી ફંડની વ્યવસ્થા કરવાનું તથા કેળવણી વધારવાનાં જરૂરી પગલાં લેવાનું ઠરાવવું.

૫ પ્રતીનીધિ કમિટીએ વર્ષના કામકાજનો નીકાલ કરવા દર-વર્ષે નીમેલી જગ્યાએ એક વખત મળવું અને કુલ સંખ્યાના સેંકડે ૬૦ પતીનીધિ હાજર થયે પોતાનું કામ શરૂ કરવું. તથા વર્ષ દરમીયાન આવેલી ફર્યાદનાં વાંધા સેંકડે ૬૫ પ્રતીનીધિઓના મત મળે તે પ્રમાણે ખુલ્લી સભામાં મુકવા. અને આખા વર્ષના કામકાજનો રીપોર્ટ બહાર પાડવો. પંચની સાધારણ આવક નીરાધાર વિધવાઓની મદદમાં તથા કેળવણીના કામે ખર્ચવાની જરૂર છે માટે પ્રતીનીધિ કમિટી મળે તેનાં ખર્ચ માટે દરેક પ્રતીનીધિએ દરરોજના રૂ. ૧) પ્રમાણે ફી આપવા તથા પંચના કોઇ પણ માણસને પંચનું થતું કામકાજ સાંભળવા આવવાની છુટ છે. માટે કમિટી શિવાય બીજા જે કોઇ સભાસદ હાજર રહે તેમને પણ ખર્ચ બદલે દરરોજ રૂ. ૧) પ્રમાણે ફી આપવી અને તેમાંથી સેક્રેટરીએ ભોજન ઉતારા વિગેરેની સગવડ કરવી અને એનો હીસાબ કમિટીને આપવો.

૬ પ્રતીનીધિ કમિટીની બેઠક ત્રણ દિવસ કરતાં વધુ ચલાવવી નહીં. અને એક જુની કહેવત છે-જ્યાં 'પંચ ત્યાં પરમેશ્વર' તો જ્યાં પરમેશ્વર હોય તે ઠેકાણે પ્રપંચ ચાલે નહીં. તો તેવા પ્રપંચના પાપથી ડરીને પ્રપંચ થાય નહીં તેવી ખાસ પ્રતિજ્ઞા કરવી અને પંચની બેઠકમાં હોકો, બીડી, અફીણ અને તેવાં બીજાં વ્યસનો જેનાથી હાની પહોંચે તેવા રાખવાં નહીં.

અને ચાલતા કામે પંચ શિવાયના બીજા કામની બીજી વાતો કોઇએ કરવી નહીં અને નકામો ટાઇમ ન ગળાય તેનો ખાસ બંદોબસ્ત રાખવો.

૭ પંચના કોઇ પણ સભાસદે હવે પછી કોઇ પણ પ્રકારને કન્યાવિક્રય કરવો નહીં. અને જો કોઇ તેવી ભૂલ કરે તો તેને લીધેલા રૂપિયાથી બમણો દંડ કરવો. અને પાંચ વર્ષ જ્ઞાતિ બહાર રહે અને તેને પચીશ વર્ષ સુધી કમિટીમાં નિમવાનો હક્ક ન હોવો જોઇએ. દંડના રૂપિઆ કેળવણી ફંડ ખાતે વપરાય દંડના રૂપિઆ વસુલ ન કરી શકે તો પંચની બેઠક વખતે તેની ખાત્રી કરવી કે કોઈ પણ કારણસર અવેજ ભરી શકે તેવી સ્થિતિમાં નથી તેમ નકકી થયા બાદ તે બદલનો લેખીતવાર માફી માગે. અને બે વર્ષ વધુ જ્ઞાતિ બહાર રહે સાટું કરવાનો રીવાજ જાય તેમ મહેનત કરવી અને તેને કાઢી નાંખવો.

૮ પંચના કોઈ પણ સભાસદે પંચમાં કન્યાવિક્રય કરાવવો નહીં. અને કોઈ પણ કરાવે તો કલમ ૭ મુજબ તેને પણ ગુન્હેગાર ગણવો.

૯ પંચનો કોઈ પણ માણસ પોતાની કન્યા ગોળ બહાર આપી શકે નહીં. અને કોઇ પણ સભાસદ તેવી ભૂલ કરે તો તેને પાંચ વર્ષ સુધી જ્ઞાતિ બહાર મુકવો. અને રૂ. ૧૦૦૦) કેળવણી ફંડમાં લેવા. અને રૂ. ૧૦૦૦) કેળવણી ફંડમાં ન આપી શકે તો કલમ ૭ મુજબ લેખીતવાર માફી માગે અને બે વર્ષ વધુ જ્ઞાતિ બહાર રહે.

૧૦ કન્યાનું સાત વર્ષ પુરાં થયા અગાઉ વેવીસાલ કરવું નહીં અને કરે તો રૂ. ૧૦૦૦) દંડ આપે. અને અગીયાર વર્ષ અગાઉ લગ્ન કરે નહીં. અને કરે તો રૂ. ૧૦૦૦) દંડ આપે. કોઇ પણ પંચનો માણુસ પોતાના છોકરાનું વેવીશાલ બાર વર્ષ થયા અગાઉ અને પાંચ વર્ષનો તફાવત રાખ્યા શિવાય વેવીશાલ કરે નહીં. અને કરે તો રૂ ૧૦૦૦) દંડ આપે. અને ૧૬ વર્ષ થયા અગાઉ લગ્ન પણ કરી શકે નહી અને કરે તો રૂ. ૧૦૦૦) દંડ આપે.

૧૧ કોઇ પણ સભાસદે પોતાની સ્ત્રીની વય ૨૮ ની થઇ ન હોય ત્યાં સુધી તેની (પોતાની સ્ત્રીની) હયાતીમાં બીજી વાર લગન કરી શકે નહી અને ૨૮ વરસ થયા બાદ, કોઇ પણ કારણસર લગન કરવાનો વિચાર હોય તો તે સ્ત્રીના ભરણ પોષણ માટે રૂા. ૧૦૦૦) ની પોલીસી અને રૂા. ૫૦૧) પહેલાની રકમ આપેલી હોય તે સિવાય બીજી રૂા. ૧૦૦૦) આપી કરી શકે, પરંતુ કોઈ પણ પુરૂષ પોતાની સ્ત્રીની બે વફાદારી પુરૂફ કરી લગન થયા બાદ ચોથા વરસે લગન કરે તો ન્યાતનો ગુન્હેગાર નથી; પરંતુ પોતાની સ્ત્રીની વફાદારી હોય છતાં ૨૮ વરસની થયાં પહેલાં લગન કરે તો તેને પાંચ વરસ જ્ઞાતી બહાર મુકવો અને રૂા. ૨૫૦૦) કેલવણી ફંડમાં લેવા.

૧૨ કજોડાં થવાનો સંભવ હોય તેવાં લગન અટકાવવાં અને બાળ લગન કે વૃદ્ધ લગન કરવાં નહી ૪૫ ઉપરની વયના પુરૂષને હાલના સંજોગો જોતાં વૃદ્ધ ગણવો જોઈએ.

૧૩ જીંદગીનો વિમો ઉતરાવ્યા વિના લગન કરવાં નહી અને વિમાની પોલીસી ઓછામાં ઓછી રૂા ૧૦૦૦)ના છાબ વખતે કન્યાના નામ ઉપર કરી આપવી અને રૂા ૫૦૧) ની રકમ દાગીના અગર રોકડી મુકાવવી તેમાં વર તરફના કે કન્યા તરફના માણસોનો હક રહે નહી, ફક્ત કન્યાનો એકલીનોજ હક રહે, પણ ન કરે નારાયણ અને કદાચ તે કન્યા પોતાના પતિ તરફથી બે વફાદાર નીવડે અને તેનો પોતાનો પતિ સાબીત કરી આપે તો ઉપરની રકમનો હકદાર કન્યાનો પતિ જ થાય,

૧૪ ફટાણું ગવાતાં બંધ કરવા માટે સખત ઉપાયો લેવા અને મરણ પાછલ કુટવું નહી જેનું અંતઃકરણ દાઝે નહી. તેવા-ઓએ નકામો હો હો નો ઢોંગ કરવા કાણે જવું નહી અને જમણ જમાડવાં નહી. જમણ કરવાની જેની ઇચ્છા હોય તે અમુક જમણ પાછલ રૂ૫૧) કેળવણી ફંડમાં આપે. તે પછી જમણ કરી શકે.

૧૫ જાન તેડનાર ૪૦ માણસોથી જાન વધું માણસોની તેડે નહી અને વધુ તેડવાની શકિત હોય તો રૂા. ૫૧) કેળવણી ફંડમાં આપી પોતાની મરજી મુજબ જાન રાખે.

૧૬ જાન સાત ટંકને બદલે પાંચ ટંકની જાન કરવી અને વધુ રાખવાનો જેનો ઇરાદો હોય તે ફંડમાં રૂા ૧૫૧) આપી પોતાના મરજી મુજબ જાન રાખે.

૧૭ જાન તેડવા બદલ કોઈ પણ જાતનો ખર્ચ વરવાળા પાસે લે નહી, જાન તેડવાની શક્તિ ન હોય તેને વર પાસે દશ

માણસોનો વર સાથે ઓર્ડર આપ વો અગર સામી નાખવી સામી નાખવા જનાર માણુસ પાસે, અગર વરવાલા પાસે ગૌરવ કે જે એક ટંકનું ખાસ જમણુ કરવામાં આવે છે તેવું કાંઈ પણ કરવું નહી અને કરાવવું નહી. વરવાલાઓ ખાસ કરીને સામી બોલાવવાં કરતાં દશ માણુસોની જાન લઈ જાય તેવી સગવડ બનતા ઉપાયે કરવી.

૧૮ દરેક વેવીશાલની દરેકે નાતમાં નોંધ કરાવવી અને નોંધ કરાવવા બદલે ০ા ફીના આપવા.

૧૯ જ્ઞાતિની ખરી સ્થિતિ જ્ઞાતિના સર્વે ભાઇઓને જાણુવાની જરૂર છે અને તે માટે કુલ એકડાનું અને તેની વસ્તીનું એક સત્તાવાર વસ્તીપત્રક બહાર પાડવું અને મરણુ જન્મની વેવીશાલ અને લગનની નોંધ કરવી.

૨૦ જ્ઞાતિના બાળકો માટે કેળવણીનાં સાધનો કરવાની જરૂર છે. તેમાં એક શરૂઆતનું ફંડ ઉઘાડવું તેમાં પોત પોતાને યોગ્ય રકમો સર્વેએ ભરવી.

૨૧ જ્ઞાતિના દરેક ઉમર લાયક એટલે એકવીસ વરસ પુરાં થયેલા ગ્રહસ્થે દરવરસે રૂા ૧ા કેળવણી ફંડમાં આપવાનું ઠરાવવું.

૨૨ પંચની તમામ આવક બીજા કોઇ પણુ કામમાં ન ખર્ચતાં નિરાધાર વિધવાઓના નિર્વાહ માટે અમુક ભાગ રાખવો અને અમુક ભાગ કેળવણી ફંડમાં આપવો. જ્ઞાતિની નિરાધાર વિધવાઓને તેઓનું ગુજરાન પ્રમાણીક પણે થાય તેવાં સાધનો મેળવી આપવાં.

૨૩ લગ્ન પ્રસંગે કરવાના ખર્ચની હદ બાંધવી.

૨૪ નાનાં ન્હાનાં ગુન્હાઓનું પત્રક કરી વધુમાં વધુ દંડની સજા નકકી કરવી. તે ઉપરથી કમિટીને યોગ્ય લાગે તેવો અમલ કરે.

૨૫ વસ્તિપત્રક ઉપરથી કેળવણીની કયાં કયાં જરૂર છે અને કેવા પ્રકારની જરૂર છે તે નકકી કરવું.

૨૬ જરૂરીઆતવાળી જગ્યાએ ખુટતાં સાધનો પુરા પાડવાન તજવીજ કરવી.

૨૭ કેળવણી ફંડનાં સાધનો મારફતે ઉત્પન્ન થયેલા નાણાની રકમનો વ્યવસ્થા કરવી. સેંકડે ૬૦ મતે એક ચાલુ ખાતુ ઉઘાડી સહીસલામત જગ્યાએ નાણાં રોકવાં અને વ્યાજની આવકમાંથી ખર્ચ કરવાનો ઉદ્દેશ નહીં રાખતાં જેમ બને તેમ હાથમાં આવેલાં નાણાં કેળવણી માટે પ્રમાણિક નીરાધાર વિધવાઓના ગુજરાન બાબતમાં બને તેટલો ઉપયોગ કરવો.

૨૮ દર વર્ષે પ્રતીનીધિ કમિટીમાં પોતાનું કામકાજ તથા ઉપજ ખર્ચનો હીસાબ રજુ કરે.

૨૯ સેક્રેટરીએ પોતાની નિમણુંક થયા પછી પંચમાં થતા બનાવોની નોંધ રાખવી.

૩૦ સેક્રેટરીએ દર વર્ષે ફર્યાદી આવે તે ધણીઓને પહોંચ આપવી.

૩૧ સેક્રેટરીએ પ્રતીનીધિ કમિટીની વાર્ષિક સભા મળવા અગાઉ એક વખત સભા સન્મુખ મુકવાનાં કામકાજ નકકી કરવા કમિટીને સગવડવાળી જગ્યાએ બોલાવવી તે વખતે કામકાજ નકકી કરી વાર્ષિક સભાની તારીખ નકકી કરવી અને તેની ખબર તમામ સભાસદો (પંચના મેંબરો) ને આપવી.

૩૨ ઘણા જ જરૂર પ્રસંગે પ્રતીનીધિ કમિટીના કુલ્લ સભાસદો માંથી પચાશ ટકાના ભાગની લેખીત સૂચના મળે તો તે સેક્રેટરીએ તે સૂચના મળવાની તારીખથી પંદર દિવસની મુદતમાં પ્રતીનીધિ કમિટીની અસાધારણ સભા બોલાવવી. અને સૂચનામાં જણાવેલ કામકાજનો નીકાલ કરવો પણ જે કામ માટે અસાધારણ સભા બોલાવી હોય તે સિવાય કામ તે વખતે કરવું નહીં,અસાધારણસભાનું પાસ થયેલું કામકાજ વાર્ષિક સભામાં રજુ કરવું, તથા અસાધારણસભાનો ખર્ચ સાધારણસભાની માફક ફી લઈને કરવો.

—·—·—

જ્ઞાતિમાં તડ પાડનારનો પશ્ચાત્તાપ.

———:o:———

(લેખક-હિતેચ્છુ.)

શ્રી રામચંદ્રજીએ લંકાપર ચઢાઇ કરી રાવણાદિનો સંહાર કરી, દેવી—શાંતિ સીતાને લાવ્યા પછી લવ કુશાદિ બાળકોને. રાજતંત્ર મેળવ્યા પછી સ્વધામ જવા સમયે સમસ્ત નગરનિવાસી પ્રાણીને બોલાવ્યા હતા, જ્યારે એક શ્વાન કે જેના માથામાં કીડા ખદબદી રહ્યા હતા, આખું શરીર સળી ગયું હતું, દુર્ગંધવાળું રૂધિર વહી રહ્યું હતું. જે શ્વાન અસહ્ય દુઃખથી વારંવાર શીર

પટકી બરાડા પાડતું હતું, તેની આ ભયંકર સ્થિતિ જોઈ ત્રાસથી થરથર ધ્રુજતાં બ્રહ્મચારી લક્ષ્મણે જેષ્ઠ ભ્રાતા શ્રી રઘુનાથજીને વિનયપૂર્વક પુછયું.—

પ્રભો! આ કયા કુકર્મનું ફળ ભોગવાય છે કે જેને જોતાંજ મારૂં હૃદય ત્રાસથી ચીરાય છે! શ્રી રામે આ હકીકત શ્વાનને મ્હોડેથીજ કહેવડાવવા ત્યારી શ્વાનને પૂર્વાશ્રમનું જ્ઞાન આપ્યું અને શ્વાનને તેનો પૂર્ણ ઇતિહાસ સંભળાવવાને સૂચના કરી. શ્રી રઘુનાથની આજ્ઞા થતાં તર્તજ શ્વાને કઠીણ કથની શરૂ કરી.

(શું કહું કથની મારી રા......જ. એ લય.)

જ્ઞાતિ તણી કરી ખ્વારી હાય, જ્ઞાતિ તણી કરી ખ્વારી;
વિપરીત બુદ્ધિ ચલાવી,આજ સ્થીતિ થઇ છે અકારી.—જ્ઞાતિ૦
જ્ઞાતિ તણા હું તડ પાડીને મસ્ત થયો મદ ધારી;
પ્રપંચતાની બાજી ચલાવી, જ્ઞાતિને ગરદન મારી.—જ્ઞાતિ૦
સુધારાનો ઇન્કાર કરી મેં, રીતિ સાચીને વિસારી;
દશ પાંચ અંધને હાથ કરીને નોક રાખી તડ પાડી.—જ્ઞાતિ૦
ધારા તોડી અન્યાય કર્યો મેં પક્ષપાત અવિચારી;
હાય હવે શું થાશે મ્હારૂં વ્હારે ચઢો ગીરધારી.—જ્ઞાતિ૦
શ્વાન તણો આ દેહ મળ્યો ને વ્યાધિ રહ્યા મુખ ફાડી;
મુજ હામાં હાજી કરનારા કીટક દુઃખ દે દહાડી.—જ્ઞાતિ૦
જ્ઞાતિ હિત નવ હુંથી થયું, મેં જ્ઞાતિની બાજી બગાડી;
લક્ષ વીંછીની વેદના વેઠું, મને થાયે પસ્તાવો ભારી.—જ્ઞાતિ૦

શ્વાનની કથા સાંભળી બ્રહ્મચારી લક્ષ્મણજીના નેત્રોમાંથી અશ્રૂ વહ્યાં, ને તે બોલી ઉઠયા. અરેરે! જ્ઞાતિમાં તડ પાડવા એ કેવું ભયંકર પાપ છે તેનો પૂર્ણ વિચાર પ્રથમ નહી કરવામાં આવે તો પરિણામે આ ભયંકર શિક્ષા સહન કર્યા વિના છુટકોજ નથી.

મ્હારા વ્હાલા દયાળુ પરોપકારમૂર્તિ જ્ઞાતિમાં તડ પાડનાર શ્રીમાન વિચારસંપન્ન શેઠીઆઓ! જે જે જ્ઞાતિમાં તમો હો તેનું હિત કરવું તમારા હાથમાં છે તો તેનું કલ્યાણ કરી તમારા જીવનની જતી ઘડીને સોનેરી બનાવી જજો, અને તમારી પછી તમારી વાવેલી તે કીર્તિલતાને જળસિંચન કરે તેવા નવા જ્ઞાતિ-હિતચિંતકો બનાવી જશો કે તમારી કરેલી મહેનત નિષ્ફળ ન જાય. પણ તેનાં મિષ્ટ મધુરાં ફળ ભક્ષણ કરી જ્ઞાતિનાં સ્ત્રી પુરૂષ બાળકો તમારાં ગુણગાન કરે.

(સમાજસેવા પુ. ૧ અંક ૧૦ મો).

જ્ઞાતિના પટેલની ફરજો.

(૧) જ્ઞાતિનો પટેલ એટલે આગેવાન વંશ પરંપરાગત સ્વતંત્ર સત્તાધીશ કે સ્વેચ્છાચારી હોઇ શકે નહીં. પણ દાસ ભાવે હૃદયની ખરી દાઝથી જ્ઞાતિસેવા કરનારો અગ્રગણ્ય જ્ઞાતિએ પસંદ કરેલો જ્ઞાતિજન હોઇ શકે.

(૨) જ્ઞાતિના દરેક કાર્યમાં પ્રથમ સહી કરવાનો, જ્ઞાતિની રજાથી આમંત્રણ દ્વારા જ્ઞાતિને એકઠી કરવાનો, પંચની સલાહથી ન્યાય ચુકવવાનો, ગુન્હેગારને યોગ્ય દંડ આપવાનો, ને તે દંડ વસુલ કરવાનો અધિકારી પટેલ છે.

(૩) બન્ને પક્ષની રૂબરૂ વિગતથી સ્પષ્ટ હકીકત સાંભળ્યા સિવાય ને બેઉ પક્ષને વિચાર કરવાની પૂરતી તક આપ્યા સિવાય તથા જોઇતા પુરાવા મેળવ્યા સિવાય પટેલ એકપક્ષી ન્યાય આપી શકે નહીં.

(૪) સમસ્ત જ્ઞાતિમાંથી ચુંટાએલા અનુભવી વયોવૃદ્ધ અને પ્રતિષ્ઠિત આગેવાનોની કમીટીની વધુમતે મંજુરી મેળવ્યા સિવાય પોતાની સ્વચ્છંદી સત્તાથી પટેલ ન્યાય ચુકવી શકે નહીં.

(૫) આ પ્રમાણે પ્રતિવર્ષે પદ્ધતિસર થયેલા દરેક કામની નોંધ જ્ઞાતિના દફતરે કમીટીના મેંબરોની તથા પટેલની સહી સાથે લેખીત રહેવી જોઇએ.

(૬) આખી જ્ઞાતિને અગાઉથી બરાબર જાહેર કર્યા સિવાય, અને જ્ઞાતિમાં બરાબર ચર્ચાવ્યા સિવાય પોતાની જ સત્તાથી પટેલ કોઈપણ ધારો જ્ઞાતિમાં દાખલ કરી શકે નહીં

(૭) દેશકાળથી વિરૂદ્ધ, જાહેર નીતિથી વિરૂદ્ધ, રાજ્યના પ્રચલિત કાયદાથી વિરૂદ્ધ, ધર્મશાસ્ત્રથી વિરૂદ્ધ, એવો જ્ઞાતિને અધોગતિમાં ઘસડી જનાર કોઇપણ ધારો જ્ઞાતિમાં પ્રચલિત હોય તો તે પ્રમાણે વર્તવા પટેલ કોઇને ફરજ પાડી શકે નહીં; તેમજ તેવા અયોગ્ય નવા ધારા પણ ઘડી શકે નહીં.

(૮) જ્ઞાતિના યોગ્ય ધારા જ્ઞાતિજન તરીકે પટેલે પણ પાળવા જોઇએ. તેમજ પટેલ તરીકે તે પોતે પણ તેનું ઉલ્લંઘન કરી શકે નહીં

(૯) અંગત દ્વેષને આગળ ધરી ગરીબમાં ગરીબ અજ્ઞાન ને નિરક્ષર ગામડીયાને પણ પટેલ લેશભાર અપમાન આપી શકે નહીં

(૧૦) જ્ઞાતિના પ્રચલિત ધારાની છાપેલી ચોપડી પટેલે દરેક જ્ઞાતિજનને ઘેર પહોંચતી કરવી જોઇએ.

(૧૧) જ્ઞાતિનાં એકઠાં થયેલાં નાણાંનો હિસાબ દરસાલ પ્રકટ કરવો જોઇએ. ને તે નાણાંનો ઉપયોગ જ્ઞાતિહિતના કાર્ય વિના અન્ય કાર્યમાં થઈ શકે નહીં.

(૧૨ જ્ઞાતિની વિધવાઓ અનાથો ને ગરીબોને મદદ કરવા એક ફંડ એકઠું કરી તેનો લાભ જ્ઞાતિને આપી તેનો પણ સ્પષ્ટ હિસાબ પ્રતિવર્ષે જ્ઞાતિ સમક્ષ રજુ કરવો જોઈએ.

બંધુઓ ! આવી ફરજો બજાવે તેજ જ્ઞાતિનો ખરો પટેલ એટલે નેતા હોઇ શકે. ધરાર પટેલોને પટેલ તરીકે કબુલ રાખી શકાય જ નહીં. માટે જાગો ને જુઓ કે દુનિયાં કઇ બાજુ ઝુકે છે!

शुभमस्तु शिवम्. (મોઢ માર્તણ્ડ પુ. ૩ પ્રભા. ૩)

પ્રભાશંકર જયશંકર પાઠક.

જ્ઞાતિ એટલે શું ?

જ્ઞા એટલે જાણવું એ ધાતુ ઉપરથી જ્ઞાતિ શબ્દ સિદ્ધ થાય છે. જે એક સમુદાય અમુક સંજ્ઞાથી લોકોમાં જાહેર હોય, ને જેમાં પરસ્પર સગપણનો સંબંધ થતો હોય તે જ્ઞાતિ. એક મંડળી કે સોસાઇટીમાં સ્નેહ સંબંધ હોવા છતાં તેમાં સગપણનો સંબંધ નહીં હોવાથી તેને જ્ઞાતિ કહી શકાય નહીં. માટે જ જ્ઞાતિરૂપી ખાનગી મંડળીમાં સગપણનો સંબંધ એ મુખ્ય લક્ષણ છે. જ્ઞાતિની આ ટુંકી વ્યાખ્યાને બીજા શબ્દોમાં એમ પણ કહી શકાય કે જે એક ખાનગી સમુદાય પોતપોતાના ક્ષેત્રના નૈતિક ને ધાર્મિક જુના વા નવા રીતરીવાજો સર્વને એક સરખી રીતે બંધનકર્તા માને તથા પરસ્પર સગપણની ગાંઠથી જોડાઇ શકે તે જ્ઞાતિ.

પ્રથમ કર્મભેદ પ્રમાણે ચાર જ્ઞાતિઓ હતી. પછી વસવાટ માટે વિવિધ સ્થળે વહેંચાઇ જવાથી. (૧) સ્થાન ભેદથી. (૨) ધંધાના ભેદથી. (૩) ધર્મના ભેદથી.(૪) અને તડ કલહ અગર મતભેદથી અવનવી જ્ઞાતિઓ ઉત્પન્ન થઇ.પછી તો એકજ જ્ઞાતિમાં અનેક વિભાગ અને પેટા વિભાગો પડી હાલની અસંખ્ય નવી જ્ઞાતિઓ ઉદ્ભવી.

તા૦ ક૦ વાંચનાર સહૃદય ગણને આ જ્ઞાતિ સુધારા તથા ' સ્ત્રી ભૂષણ ' ની ચર્ચાના સંબંધમાં જે કાંઇ સારભૂત જણાય તેને ગ્રહણ કરવા વિનવીએ છીએ અને જે બુદ્ધિ-સ્વભાવને રૂચતું ન હોય તેને માટે અમો ક્ષમા માગી વિરમીએ છીએ.

ત્રિવાડી અને શાહ.

કર્તવ્યમાં મુકવાલાયક જીવનસૂત્રોની ભેટ.

---

૧ મ્હોટું મન અને મ્હોટા કાર્યોમાંજ ખરી મ્હોટાઇ સમાયેલી છે, પણ મ્હોટી વાતો કરવામાં મ્હોટાઈ સમાયેલી નથી.

૨ સખાવત વગરની દોલત ચૈતન્ય વગરના દેહ જેવી નિર્માલ્ય અને સ્પર્શ કરવાને નાલાયક છે.

૩ દાનનો પડઘો સ્વર્ગના દ્વાર સુધી પહોંચે છે અને દાતારના યશોગુણ ગાવા શાસન દેવોને આકર્ષે છે.

૪ આપણા માટે દોલત છે પણ દોલત માટે આપણે નથી, દોલત માટે જીંદગી ગુમાવવી તે આત્માને ગુમાવવા બરાબર છે.

૫ કરણી તેવી પાર ઉતરણી, જેવું દેવું તેવું લેવું. હાથે તે સાથે, આ અનુભવી વાકયોને હમેશાં યાદ રાખો.

૬ લક્ષ્મી ચંચલ છે, પ્રાણ પ્રાહુણા છે, જુવાની જવાની છે, આયુષ્ય અસ્થિર છે, ધીરજનું સ્થાન એક ધર્મ છે.

૭ ગત કાળનો શોચ કરવો નહિ, ભવિષ્ય કાળનો વિશ્વાસ રાખવો નહિ અને વર્તમાનને વ્યર્થ જવા દેવો નહિ.

૮ મૃત્યુ એકક્ષણ પણ થોભશે નહિ, લાલચથી લલચાશો નહિ, માટે કાલે કરવું હોય તે આજેજ અત્યારેજ કરો.

૯ જરીયાન વસ્ત્રો અને હીરા માણેકના અલંકારો કરતાં માણસને વધારે શોભાવનાર શીલ (બ્રહ્મચર્ય) છે.

૧૦ સોના રૂપાના અને હીરા માણેકનાં ભૂષણો નષ્ટ થાય છે ત્યારે શીલરૂપ ભૂષણ અખંડ રહે છે.

૧૧ પાછળથી પશ્ચાત્તાપ કરવો પડે તેવા કામની શરૂઆત ન કરવામાંજ ખરૂં ડહાપણ સમાયેલું છે.

૧૨ અભયપદ મેળવવું હોય તો બીજાઓને અભય આપો, તેમજ સુખ મેળવવું હોય તો સુખ આપો.

૧૩ બીજાનું બુરૂં ચિંતવવું તે પોતાનું બુરૂં કરવા બરાબર છે, કેમ કે "ખાડો ખોદે તે ખાડામાં પડે".

૧૪ પ્રાણીઓનાં પ્રાણ લુંટવા એજ હિંસા નથી પણ લાગણી દુખાય તેવું કંઇપણ કરવું કે ચિંતવવું તે હિંસા છે.

૧૫ ક્રોધની ક્રૂરતા સામે ક્ષમાનું ખડગ રાખો અને માનનું મર્દન કરવામાં નમ્રતાનો પાઠ શીખો.

૧૬ માયાના મૂળને કાપી સરલ બનો અને લોભને ક્ષોભ પમાડી સંતોષી રહો, કેમ કે જ્યાં સરલતા અને સંતોષ છે ત્યાંજ ધર્મનો નિવાસ છે.

૧૭ આપણે બીજાને ઉપકાર કર્યો હોય અને બીજાએ આપણો અપકાર કર્યો હોય એ બન્ને વાતો યાદ કરવી નહી.

૧૮ સત્યની સીમામાંજ વિજયનો વાવટો ફરકે છે "કુડ ત્યાં ધુળ અને કપટ ત્યાં ચપટ" એ નીતીનો પરમ મંત્ર છે.

૧૯ અપ્રામાણીકતાથી મેળવેલ અખુટ દ્રવ્ય કરતાં પ્રામાણીક-તાનો એક પૈસો વધારે કિંમતી અને ટકાઉ છે.

૨૦ વિશ્વાસઘાત, ચોરી, કપટ, પ્રાણીવધ, કન્યાવિક્રય અને સ્વામીદ્રોહ કરી મેળવેલી સંપત્તિ, સંપત્તિ નહી પણ વિપત્તિ છે.

૨૧ અન્યાય અને અધર્મથી ઉપાર્જન કરેલ દ્રવ્યને પૂર્વના પુણ્યનો પુરો ટેકો ન હોય તો તે દશ વરસથી વધુ રહી શકે નહી.

૨૨ જે ધનથી દીન અને દુઃખી જનોનો ઉદ્ધાર કર્યો નહીં સત્પાત્રમાં દાન આપ્યું નહીં અને કુટુંબીઓનું પોષણ કર્યું નહી, તે ધન નહી પણ ધૂળ છે.

૨૩ આવકના પ્રમાણમાં ધર્મમાર્ગે ધનનો કાંઇ પણ વ્યય ન કરવો તે લક્ષ્મીને લુલી બનાવવા બરાબર છે.

૨૪ નિંદા કર્યા વગર ન રહી શકાતું હોય તો પોતાનીજ નિંદા કરવી, કેમકે બીજાની નિંદા કરવી તે આત્માને ઝેરી બનાવવા સરખું છે.

૨૫ વિકરાળ વાઘના મુખમાં હાથ નાખવા કરતાં દુર્જનની સોબત કરવામાં વધારે ભયંકરતા છે.

૨૬ માબાપની સેવા-ભકિત કરવામાં અને તેમની આજ્ઞા પાળવામાં પુત્રની ખરી પવિત્રતા સમાયેલી છે.

૨૭ હિતચિંતક માબાપ નિઃસ્વાર્થી શિક્ષક અને સદ્‌ગુરૂ એ ત્રણેની આજ્ઞા પાળવી તે ઈશ્વર આજ્ઞા પાળવા બરાબર છે.

૨૮ મોજ શોખને માટે નહીં પણ ધર્મ અને પરમાર્થને માટે શરીરનું સ્વાસ્થ્ય જાળવવું અગત્યનું છે કેમકે જ્યાં શરીર સ્વસ્થ હોય ત્યાં મન સ્વસ્થ રહે છે.

૨૯ પાંચે ઇન્દ્રિયોને છુટી મુકવી તે આપત્તિનો માર્ગ ખુલ્લો મુકવા બરોબર છે.

૩૦ ધર્મ એ કલ્પવૃક્ષ છે, મોક્ષ અને અભ્યુદય એ બે તેના ફળો છે, મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્ય (ઉપેક્ષા) એ ચાર ભાવના તેનું મૂળ છે, મૂળ વિના શાખા નથી અને શાખા વિના ફળ નથી માટે મોક્ષરૂપી ફળ મેળવવું હોય તો ભાવના રૂપી મૂળને મજબુત બનાવો.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં:—

(૧) મણિલાલ નાનચંદ શાહ,

ઠે. ત્રીજે ભોઇવાડો, જગા લધાનો માળો, ૧ લે માળે, મુંબઇ ૨.

(૨) વૈદ્યશાસ્ત્રી ભાનુશંકર નિર્ભયરામ ત્રિવાડી.

ઠે. ભૂલેશ્વર, બીજે ભોઇવાડો, પોતાના દવાખાનામાં, મુંબઇ ૨.